# ALLEN રાજકોટ

ALLEN Results 2024 Certified by
Official result validator
EY
Building a better working world

# સૌરાષ્ટ્રની સર્વશ્રેષ્ઠ શૈક્ષણિક સિસ્ટમ !




| JEE (ADV.) 2024 | JEE (ADV.) 2024 | JEE (ADV.) 2024 | JEE (ADV.) 2024 | NEET (UG) 2024 | NEET (UG) 2024 |
|---|---|---|---|---|---|
| **DWIJA PATEL** | **AKSHAR ZALA** | **AVADH HINDOCHA** | **HARSHAL KANANI** | **JIYA BHIMANI** | **DHARMI KHUNT** |
| Classroom | Classroom | Classroom | Classroom | Classroom | Classroom |
| IIT BOMBAY | IIT BOMBAY | IIT BOMBAY | IIT DELHI | AIIMS BHOPAL | BJ AHMEDABAD |

- ✔ ટોપ 100 ઓલ ઇન્ડિયા રેન્કમાં 4 વિદ્યાર્થિયો !
- ✔ 28 વિદ્યાર્થીઓનું IIT માં એડમિશન, સૌરાષ્ટ્રના ઇતિહાસમાં સર્વોચ્ચ !
- ✔ ટોપ 50 ઓલ ઇન્ડિયા રેન્કમાં 3 વિદ્યાર્થીઓ
- ✔ ટોપ 1000 ઓલ ઇન્ડિયા રેન્કમાં 12 વિદ્યાર્થીઓ
- ✔ 53 વિદ્યાર્થીઓ IIT માં એડમિશન માટે ક્વોલિફાય થયા
- ✔ ટોપ 500 ઓલ ઇન્ડિયા રેન્કમાં 7 વિદ્યાર્થીઓ
- ✔ ટોપ 2000 ઓલ ઇન્ડિયા રેન્કમાં 17 વિદ્યાર્થીઓ
- ✔ 136 વિદ્યાર્થીઓએ MBBS માં પ્રવેશ મેળવ્યો

## ADMISSIONS ANNOUNCEMENT (Session 2025-26)

JEE (MAIN+ADV.) | NEET (UG) | OLYMPIADS | CLASS 6th to 12th & 12th PASS

Get **SPECIAL FEE BENEFIT**
for the Session 2025-26
till **20 Dec. 2024**
Register early for admission & get the double advantage of early fee benefit and scholarship (ASAT/Tallentex)

*SFB benefits for limited period

Appear in **ASAT**
ALLEN Scholarship Admission Test
**01 & 15 Dec. 2024**
Get Scholarship Upto 90%

Scan to Register

### સ્ક્રિનિંગ ટેસ્ટ

ગુજરાતી માધ્યમ પ્રતિભા શોધ અને સ્કોલરશીપ પરીક્ષા (ફ્રી રજીસ્ટ્રેશન)
ધોરણ 8, 9, 10 તથા 11, 12 (સાયન્સ) ના વિદ્યાર્થીઓ માટે
**પરીક્ષાની તારીખ** : 01 Dec. 2024 | **સવારે** : 10.00 થી 12.00

**રજીસ્ટ્રેશન માટે** :
**કોલ** : 8951395095, 8511143783
**વોટ્સએપ** : 8511143783
**લિંક** : allen.ac.in/screeningtest24

Class 11th moving students
## ADVANCE BATCHES
JEE (Main + Adv.) & NEET 2027
Starting from **24 DEC. 2024**

**ALLEN**

**ALLEN Rajkot :**
Yuvraj Complex, Opp. Sayaji Hotel, Vrindavan Society
Main Road, Kalawad Road, Rajkot - 360005

8951395095, 8511143783
www.allen.ac.in/rajkot

Registered & Corporate Office : ALLEN Career Institute Pvt. Ltd. Sankalp, CP-6, Indra Vihar, Kota (Rajasthan) +91-744-3556677, 2757575 allen.ac.in/rajkot

Disclaimer: We provide an academic ecosystem and environment to prepare students for their target examinations. Studying in a coaching institute does not guarantee selection for the examination. Selection depends on preparation, admission seats in competitive exam and the number of applicants appearing.

### ક્રોધની આગમાં તપતો માણસ કઇ હદ સુધી જઇ શકે તેનો પુરાવો આપતી વધુ એક ઘટના

# રિસામણે બેઠેલી પત્નિ કારણે બનેવીએ સાળાને પતાવી દીધો

## નાની બહેન સાથે દૂધ લેવા આવેલા ચોવીસ વર્ષના યુવાનને બનેવીએ પહેલા પેટમાં પાટા માર્યા, પછી ધોકાવાળી કરી મોતને ઘાટ ઉતાર્યો

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૨૬

ક્રોધ કલેશની આગ માણસને અંધ બનાવી દેતી હોય છે. ઘણીવાર ગુસ્સે થઇ જતો માણસ પોતાના હોય એના પર પણ ઝનુનથી તૂટી પડતો હોય છે. આવા બનાવોમાં ઘણીવાર વાત હત્યા સુધી પહોંચી જતી હોઇ છે. હત્યાની આવી જ એક ચોંકાવનારી ઘટના બની છે. જેમાં લવમેરેજ કરનાર શખ્સની પત્નિ રિસામણે જતાં આ શખ્સે સાસરિયામાં પહોંચી ઝઘડો કરી પોતાના સાળાને પેટમાં બેફામ ધોકા ફટકારી પતાવી દીધો હતો. પોતાની નજર સામે જ પતિના હાથે ભાઇની હત્યા થઇ જતાં બહેન ઉંડા આઘાતમાં ગરકાવ થઇ ગઇ હતી. હત્યાની આ ઘટનાને પગલે સમગ્ર રાજુલા અમરેલી પંથકમાં ચકચાર મચી ગઇ હતી.

ચોંકાવનારી હત્યાની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો જાફરાબાદ તાલુકાના વડલી ગામે આજે બનેવીએ સાળાને પેટમા પાટા મારી અને પેટમા લાકડાના ધોકાના ઘા મારી હત્યા કરી નાખી હતી. પ્રેમલગ્ન કર્યા બાદ પત્નિ રીસામણે ગઇ હોય આ મુદે મનદુખ રાખી યુવકે સાળાની હત્યા કરી નાખી હતી અને બાદમા ત્યાંથી નાસી ગયો હતો. ચોવીસ વર્ષીય યુવકની હત્યાની આ ઘટના જાફરાબાદ તાલુકાના વડલી ગામે ભરબજારે બની હતી. જયાં -પ્રવિણ જીલુભાઇ સોલંકી નામના ચોવીસ વર્ષના યુવકની મુળ રોહિસા ગામના અને હાલમા વડલીમા રહેતા તેના બનેવી રમેશ દાદુભાઇ બાંભણીયાએ હત્યા કરી નાખી હતી. રમેશને જીલુભાઇ પાલાભાઇ સોલંકીની પુત્રી દયા સાથે પ્રેમ થઇ જતા બંનેએ પાંચેક વર્ષ પહેલા પ્રેમલગ્ન કર્યા હતા. પરંતુ પતિ સાથે તકરાર થતા દયા હાલમા માવતરે રીસામણે આવી ગઇ હતી. હાલમા રમેશ પણ વડલી ગામમા જ રહે છે.




વધુ માહિતી મુજબ દયાનો ભાઇ પ્રવિણ તેની નાની બહેન તેજલ સાથે મોટર સાયકલ લઇ ગામની નિશાળ પાસે આવેલ નાગજીભાઇ સાંખટની દુકાને દુધ લેવા માટે ગયા હતા. એ દરમિયાન બનેવી રમેશ બાંભણીયા ત્યાં આવી ચડયો હતો અને સાળા પ્રવિણ સાથે માથાકુટ કરી હતી. દુકાન પાસે જ ઝઘડો કરી રમેશે પ્રવિણને પેટમા પાટા માર્યા હતા જેથી ગંભીર ઇજા થતા તે ત્યાં જ ઢળી પડયો હતો. ત્યારબાદ રમેશે બાજુમાથી લાકડાનો એક ધોકો લઇ તેને પેટ અને પીઠના ભાગે આડેધડ ઘા માર્યા હતા. સાળાને ગંભીર રીતે ઘાયલ કરી આ શખ્સ ગામમા નાસી છુટયો હતો. ઘટનાની જાણ થતાં પ્રવિણના પરિવારજનો જયારે ઘટના સ્થળે પહોંચ્યા ત્યારે તે જીવિત હાલતમા અને ગંભીર હાલતમા હતો. બાદમા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત તેને સારવાર માટે જાફરાબાદના સરકારી દવાખાને ખસેડવામા આવ્યો હતો. પરંતુ અહીના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે મૃતક યુવકના પિતા જીલુભાઇ સોલંકીએ પોતાના જમાઇ સામે નાગેશ્રી પોલીસ મથકમા ફરિયાદ નોંધાવી હતી.

પોતાની દીકરી રીસામણે હોય તેનુ મનદુખ રાખી જમાઇએ પ્રવિણની જાહેરમા હત્યા કરી હતી. જાફરાબાદ પોલીસે ઘટના સ્થળે દોડી જઇ તપાસ શરૂ કરી છે. પ્રવિણને તેના બનેવી રમેશે પેટમા પાટા માર્યા હતા જેના કારણે તેને ગંભીર ઇજા થઇ હતી. આ ઉપરાંત તેણે પ્રવિણને પેટમા લાકડાનો ધોકો પણ માર્યો હતો. આ ઇજા જીવલેણ નીવડી હતી. હત્યાનો ગુનો કરી નાસી ગયેલા તેત્રીસ વર્ષના બનેવી રમેશ દાદુ બાંભણીયાને ઝડપી લેવામા આવ્યો છે. પત્નિ રીસામણે હોય તેના મનદુખમા તેણે આ હત્યા કરી હતી. જીલુભાઇ સોલંકીને સંતાનમા બે દીકરા અને ત્રણ દીકરી છે. જે પૈકી બે દીકરી પરણેલી છે. જયારે મોટો પુત્ર પ્રવિણ અને નાનો દીકરો બીજલ તથા નાની દીકરી તેજલ અપરિણિત છે. બનેવીના હાથે સાળાની હત્યાની આ ઘટનાએ ચકચાર જગાવી દીધી હતી. ક્રોધની આગમાં તપતો માણસ કેવી ઘટનાને અંજામ આપીદેતો હોય છે તે આ ઘટના પરથી જોઇ શકાય છે.

રાજ્યભરમાં છેલ્લા એક મહિનાથી હત્યાની ઘટનાઓ સતત વધી ગઇ છે. નાની મોટી વાતે એકબીજા પર તૂટી પડતાં લોકો હાથમાં આવ્યું એ હથીયારથી ધમાલ મચાવી દેતાં હોય છે અને કોઇ પરિવારના આધારસ્તંભ, મોભીને મોતને ઘાટ ઉતારી દેતાં હોય છે. આવી ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. જેમાં વધુ એક બનાવ બન્યો છે જેમાં ચોવીસ વર્ષના ફુટડા યુવાનની હત્યા પોતાનાએ જ કરી હતી. આ યુવાનની બહેન રિસામણે આવી હોઇ તેનો ખાર રાખી યુવાનને તેના બનેવીએ પતાવી દીધો હતો. સમગ્ર અમરેલી રાજુલા પંથકમાં આ ઘટનાએ ચકચાર જગાવી દીધી છે.

---

### ભારતીય બંધારણના ૭૫ માં વર્ષગાંઠની ઉજવણીમાં

# બંધારણ આમુખના પ્રતિજ્ઞા વાંચન કરતી શહેર કોંગ્રેસ સમિતિ

## ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ના પ્રતિમા પાસે કાર્યક્રમ યોજાયો

રાજકોટ, તા. ૨૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આજે ગુજરાતના તમામ જિલ્લાઓ અને શહેરોમાં ભારતીય બંધારણના ૭૫ મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં આજરોજ મહાત્મા ગાંધી અથવા ડોક્ટર બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમા પાસે બંધારણ આમુખના પ્રતિજ્ઞા વાંચનનો કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે.

જેના ભાગરૂપે આજે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સિવિલ હોસ્પિટલ ચોક ખાતે ડોક્ટર બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે બંધારણ આમુખનું પ્રતિજ્ઞા વાંચન સમૂહમાં કરવામાં આવેલ હતું. ડોક્ટર બી આર આંબેડકરે કોંગ્રેસ પક્ષ સાથે મળીને, બંધારણને ઘડવામાં, તેમાં ન્યાય, સમાનતા અને બંધુત્વ અને મૂર્તિમંત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ત્યારથી કોંગ્રેસની સરકારોએ આપણી લોકશાહી માટે મજબૂત પાયો નાખ્યો છે. અને રાષ્ટ્રની તરફ નોંધપાત્ર સામાજિક રાજકીય પ્રગતિ માટે યોગદાન આપ્યું છે. જોકે આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં બંધારણમાં સમાવિષ્ટ મૂલ્યો અભૂતપૂર્વ જોખમનો સામનો કરે છે.

આજરોજ બંધારણ દિવસ નિમિત્તે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સૌપ્રથમ ડોક્ટર બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરાયા બાદ બાબા સાહેબ અમર રહો, સંવિધાન જિંદાબાદ સહિતના નારા લગાવાયા બાદ રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ આમુખનું વાંચન કરાયું હતું જેમાં સર્વે કોંગ્રેસ આગેવાનોને કાર્યકરોએ સુર પુરાવી વાંચનકર્યું હતું અમે ભારતના લોકો ભારતના એક સાર્વભૌમ સમાજવાદી ભિન્ન સંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો તથા તેના સર્વ નાગરિકોને સામાજિક આર્થિક અને રાજકીય ન્યાય વિચાર અભિવ્યક્તિ માન્યતા ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા દરજ્જા અને તકની સમાનતા પ્રાપ્ત થાય તેમ કરવાનો અને સર્વમાં વ્યક્તિ રૂપ ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડતા સુદ્રઢ કરે તેવી બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને અમારી સંવિધાન સભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ ના રોજ આથી આ સંવિધાન અપનાવી તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

આજના બંધારણના આમુખ વાંચનના કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, રાજકોટ મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, જગદીશભાઈ સાગઠીયા, મેઘજીભાઈ રાઠોડ, પટેલ વિરાણી નાગજીભાઈ, નરેશભાઈ સાગઠીયા, કમલેશભાઈ ચૌહાણ, શાંતાબેન મકવાણા, દેવશીભાઈ દાફડા, વસંતભાઈ ચાંડપા, બીપીનભાઇ રાઠોડ, અહેસાનભાઈ ચૌહાણ, યુનૂશભાઈ જુણેજા, શૈલેષભાઈ કપુરીયા, જેન્તીભાઈ હિરપરા, હિંમતભાઈ મૈયાત્રા, રવજીભાઈ ખીમસુરીયા, ચિંતનભાઈ દવે, કુષણદત રાવલ, પાસવાનજી, સલીમભાઈ કારિયાણી, સંજયભાઈ લાખાણી, જીગ્નેશ ભાઈ બોદર, નરેશભાઈ પરમાર, ડી પી મકવાણા, ડો. ધરમભાઈ કાંબલીયા, હેમલભાઈ પેસીવાડીયા, જશવંતસિંહ ભટ્ટી, મયુરભાઈ શાહ, હરેશભાઈ ભારાઇ, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના કોંગી કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

---

# સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં PGVCLએ રૂ.૭૪ કરોડના વીજચોરીના બિલ ફટકાર્યા

### કુલ ૧૭૪૨ વીજ જોડાણો વિરૂધ્ધ કાર્યવાહી ગેરરીતીમાં ડાયરેક્ટ લંગર વાયરથી મીટર બાયપાસ, ટેરીફ ચેન્જ, લોડ વધારો, વગેરે જોવા મળેલ

રાજકોટ મિરર, તા. ૨૬

પીજીવીસીએલ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજચોરી કરતા અને વિજ જોડાણમાં ગેરરીતિ આચરતા સામે કડક કાર્યવાહી હાથ ધરી છે.જે સંદર્ભે તારીખ ૧૮ ઓક્ટોબરથી ૨૨ ઓક્ટોબર દરમિયાન પીજીવીસીએલ હેઠળના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વીજચેકિંગ કરેલ હતું. જેમાં કુલ ૧૭૪૨ વીજ જોડાણો વિરૂધ્ધ કાર્યવાહી કરી રૂ. ૫.૭૪ કરોડના વીજચોરીના બિલ આપવામાં આવેલ છે. ગેરરીતીમાં ડાયરેક્ટ લંગર વાયરથી મીટર બાયપાસ, ટેરીફ ચેન્જ, લોડ વધારો, વગેરે જોવા મળેલ હતા. જે અંતર્ગત રાજકોટ શહેર વર્તુળ કચેરી હેઠળના વિસ્તારમાં ૪૨૬ વીજ જોડાણો વિરૂધ્ધ કાર્યવાહી કરી રૂ. ૧.૬૩ કરોડના, ભુજ વર્તુળ કચેરી હેઠળના વિસ્તારમાં ૨૩૩ વીજ જોડાણો વિરૂધ્ધ કાર્યવાહી કરી રૂ. ૦.૮૪ કરોડના અને બોટાદ વર્તુળ કચેરી હેઠળના વિસ્તારમાં ૩૧૦ વીજ જોડાણો વિરૂધ્ધ કાર્યવાહી કરી રૂ. ૦.૮૯ કરોડના વીજચોરીના બિલ આપવામાં આવેલ છે. વધુમાં, રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરી હેઠળના ખખાણા ગામમાં રાઘવભાઈ ભીખાભાઈ થોરિયા, વાણિજ્ય હેતુના ઈમિટેશન ઈલેક્ટ્રીક ભઠ્ઠીમાં ડાયરેક્ટ ટ્રાન્સફોર્મરમાં કેબલ જોડી મીટર બાયપાસ કરી વીજ વપરાશ માલુમ પડતા રૂ. ૩૫ લાખના અને દડવા હમીરપુર ગામમાં નવઘણ પુંજાભાઈ ઓડેદરા, વાણિજ્ય હેતુના હોટેલ માટે ડાયરેક્ટ વીજવપરાશ કરતા માલુમ પડતા રૂ. ૬ લાખના વીજચોરીના બિલ આપવામાં આવેલ છે.

મોરબી વર્તુળ કચેરી હેઠળના રાણેકપર ગામમાં ગોવિંદભાઈ મૈયાભાઈ, વાણિજ્ય હેતુના પાણીના પ્લાન્ટમાં ડાયરેક્ટ વીજપોલમાં કેબલ જોડી મીટર બાયપાસ કરી વીજ વપરાશ માલુમ પડતા રૂ. ૬.૫ લાખના વીજચોરીના બિલ આપવામાં આવેલ છે.ભુજ વર્તુળ કચેરી હેઠળના ગોરેવળી ગામમાં રાહુલભાઈ કરમણભાઈ, વાણિજ્ય હેતુના રિસોર્ટ માટે ડાયરેક્ટ વીજવપરાશ કરતા માલુમ પડતા રૂ. ૫.૬ લાખના વીજચોરીના બિલ આપવામાં આવેલ છે.

---

## પ્રથમ વર્ષે જ અનુરૂપ વિવાહની સફળ યુરોપિયન ઈવેન્ટ્સ

અનુરૂપ ગુજરાતી સમુદાયમાં પોણા બે વર્ષ પહેલાં જ વિસ્તર્યું હતું. અમને આનંદ છે કે ભારત અને વિદેશમાં વસતા ગુજરાતીઓ તરફથી મળેલ પ્રતિસાદ ખૂબ જ પ્રોત્સાહજનક રહ્યો છે. લગભગ 5 દાયકાઓથી અમે સફળતાપૂર્વક પોતાને મેચમેકિંગ માટે સમર્પિત કર્યા છે. વ્યક્તિગત ધ્યાન, વિશ્વાસપાત્રતા અને પ્રોફાઈલ ચકાસણીના ઉચ્ચ ધોરણો અમારા યુએસપી છે અને તેઓ ખાતરી કરે છે કે અમારા ડેટાબેઝમાં માત્ર અસલી પ્રોફાઈલ જ ઉમેરવામાં આવે છે.મુખ્યત્વે, અમારા સભ્યો અમારી સુરક્ષિત વેબસાઈટ અને Android અને iOS મોબાઈલ એપ્લિકેશન દ્વારા તેમની શોધ કરે છે. શોધને પૂરક બનાવવા અને સુવિધા આપવા માટે અમે ભારત અને વિદેશમાં સમયાંતરે મીટ-અપ કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ. આ વર્ષે, અમે પ્રથમ વખત બર્લિન (જર્મની) અને લંડન (યુકે)માં અનુરૂપ મીટઅપ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ઉપરાંત યુએસએમાં તો અમે 1 દાયકા કરતાં વધુ સમયથી વાર્ષિક મીટ-અપ યોજી રહ્યા છીએ.તમામ ઈવેન્ટ્સ ની જગ્યાઓ પૂરેપૂરી ભરાઈ ગયી હતી અને હાજર રહેનાર બધાં એ ખૂબ પ્રશંસા કરી હતી. સહભાગીઓ તરફથી પ્રતિસાદ દર્શાવે છે કે તેઓ અનુરૂપના નવીન અને ઈન્ટરેક્ટિવ ફોર્મેટને પસંદ કરે છે. કાર્યક્રમ ના સુરક્ષિત અને મૈત્રીપૂર્ણ વાતાવરણ તેઓને વાતચીત કરવા માટે અનુકૂળ લાગે છે.

લાઈફ પાર્ટનરની શોધ એ કંટાળાજનક અને બોજારૂપ પ્રવૃત્તિ બનવાની જરૂર નથી; એ રોમાંચક હોઈ શકે છે તે યાદ અપાવીને તેઓ ખુશ હતા.અમારા સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી તરફ જતાં, હાલમાં અમે 51 ઈવેન્ટ્સ નક્કી કરેલ છે, જેમાંથી 3 ગુજરાતી કનેક્શન ધરાવે છે. 30મી નવેમ્બરે, વડોદરામાં 2 ઈવેન્ટ્સ (સવારે 10 અને બપોરે 3 વાગ્યે) અને 1લી ડિસેમ્બરે (3 વાગ્યે) અમદાવાદમાં એક ઈવેન્ટ છે.અનુરૂપ સાથે જોડાઓ અને અમારા સુશિક્ષિત અને પ્રગતિશીલ પાત્રોના સમુદાયનો ભાગ બનો. સારી ગુણવત્તાવાળા સભ્યો મેળવો! નોંધણી માટે www.anuroopwiwaha.com ની મુલાકાત લો અથવા અમને 1800-267-7991 પર કૉલ કરો. તરત નોંધણી કરો અને તમારા અનુરૂપ જોડીદારને શોધો.

---




# આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

૧ પ્રીમિયર એનર્જી લિ.ની સબસિડિયરીઓને ૨ મોટા આઈપીપી ગ્રાહકો અને ૧ ડોમેસ્ટિક ગ્રાહક પાસેથી સોલાર પીવી સેલ અને મોડ્યુલ્સની સપ્લાય માટે રૂ.૧,૦૮૭ કરોડના ઓર્ડર્સ મળ્યા છે.

૨ અશોક બિલ્ડકોન લિ.ને નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ) પાસેથી રૂ.૧,૩૯૧ કરોડનો પ્રોજેક્ટ મળ્યો છે.

૩ કેઈસી ઈન્ટરનેશનલ લિ.એ જણાવ્યું હતું કે કંપનીને તેના વિવિધ બિઝનેસ સેગમેન્ટમાં રૂ.૧,૧૧૪ કરોડના નવા ઓર્ડર્સ મળ્યા છે.

૪ એલટીઆઈમાઈન્ડટ્રી લિ.એ અખબારી યાદી દ્વારા બીએસઈને માહિતી આપી હતી કે એલટીઆઈમાઈન્ડટ્રી અને માઈક્રોસોફ્ટે વ્યૂહાત્મક જોડાણ કર્યું છે જે હેઠળ એક સંયુક્ત બજાર વ્યૂહરચના બનાવવા અને એઆઈ સંચાલિત સોલ્યૂશન્સમાં સંયુક્ત રોકાણ કરવામાં આવશે.

૫ પર્સિસટન્ટ સિસ્ટમ્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીને સુપિરિયર કસ્ટમર એક્સપ્રિયન્સ માટે પ્રતિષ્ઠિત ૨૦૨૪ આઈએસજી સ્ટાર ઓફ એક્સેલન્સ ઓવરઓલ એવોર્ડ મળ્યો છે.




૬ હિન્દુસ્તાન યૂનિલિવર લિ.ની બોર્ડ મીટિંગ ૨૫ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ મળી હતી જેમાં ઈન્ડિપેન્ડન્ટ કમિટીની ભલામણના આધારે આઈસક્રીમ વેપારને સ્વતંત્ર લિસ્ટેડ કંપનીમાં ડિમર્જ કરવાનો એટલે કે છૂટો પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

૭ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિ.એ અખબારી યાદી દ્વારા બીએસઈને જણાવ્યું હતું કે મહિન્દ્રા એક્સઈવી ૯ઈ અને બીઈ ૬ઈ નામની ઈલેક્ટ્રિક ઓરિજિન એસયુવીનું અનલિમિટ ઈન્ડિયા ખાતે ગઈકાલે સાંજે ચેન્નાઈમાં વર્લ્ડ પ્રીમિયર રજૂ કરેલ.

૮ ભારત ગ્લોબલ ડેવલપર્સ લિ.ને યુપીએલ એગ્રો પ્રા.લિ. પાસેથી રૂ.૧૫૬ કરોડનો ઓર્ડર મળ્યો છે.

૯ એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની બોર્ડ મીટિંગ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે, જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થનારા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

૧૦ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ.એ અખબારી યાદી દ્વારા બીએસઈને જણાવ્યું હતું કે કંપનીએ ડિફેન્સ કર્મચારીઓ માટેની ભારતની પેન્શન સિસ્ટમ સ્પર્શ (સિસ્ટમ ફોર પેન્શન એડમિનિસ્ટ્રેશન – રક્ષા) સાથેની ભાગીદારીને ૩ વર્ષો સુધી લંબાવી છે. ટીસીએસ માત્ર ત્રણ વર્ષ સુધી પ્રોગ્રામના હાર્ડવેર અને સોફ્ટવેરને જાળવશે નહીં પરંતુ સિસ્ટમમાં મુખ્ય અપડેટ્સ પણ આપશે.

**IPO UPDATES**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | SHARES | AMOUNT ₹ |
|---|---|---|---|---|---|---|---|
| SURAKSHA DIAGNOSTIC LIMITED | 29/11 | 3/12 | UPCOMING Retail (Min) | 420 - 441 | 1 | 34 | 14,994 |
| | | | Retail (Max) | | 13 | 442 | 1,94,922 |
| | | | S-HNI (Min) | | 14 | 476 | 2,09,916 |
| | | | B-HNI (Min) | | 67 | 2278 | 10,04,598 |
| PROPERTY SHARE INVESTMENT TRUST REIT | 2/12 | 4/12 | UPCOMING | - | - | - | - |

**SME UPDATES**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| RAJESH POWER SERVICES LIMITED | 25/11 | 27/11 | CURRENT | 320 - 335 | 400 | 1,34,000 |
| RAJPUTANA BIODIESEL LIMITED | 26/11 | 28/11 | CURRENT | 125 - 130 | 1000 | 1,30,000 |
| APEX ECOTECH LIMITED | 27/11 | 29/11 | CURRENT | 71 - 73 | 1600 | 1,16,800 |
| ABHA POWER AND STEEL LIMITED | 27/11 | 29/11 | CURRENT | 75 | 1600 | 1,20,000 |
| AGARWAL TOUGHENED GLASS INDIA LIMITED | 28/11 | 2/12 | UPCOMING | 105 - 108 | 1200 | 1,29,600 |
| GANESH INFRAWORLD LIMITED | 29/11 | 3/12 | UPCOMING | 78 - 83 | 1600 | 1,32,800 |

**DISCLAIMER :** અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પૂરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 215 Dt. 27-11-2024 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### રાંચીના મોરહાબાદીમાં યોજાનારા શપથ સમારોહમાં ચોથી વખત મુખ્યમંત્રી બનશે

# PMના આશીર્વાદ લેવા આવ્યા છીએ : હેમંત સોરેન

## દિલ્હી ખાતે વડાપ્રધાન મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ સાથે કરી મુલાકાત : કલ્પના સોરેન પણ જોડાયા



નવીદિલ્હી, તા. ૨૬
ઝારખંડ મુક્તિ મોરચા (ઉંખખ) ઝારખંડમાં ફરી એકવાર ગઠબંધન સરકાર બનાવવા જઈ રહી છે. જેએમએમની જીત બાદ મુખ્યમંત્રી હેમંત સોરેન તેમની પત્ની કલ્પના સોરેન સાથે દિલ્હી પ્રવાસ પર છે. આજે તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. પીએમ મોદીને મળ્યા પહેલા હેમંત અને તેમની પત્ની કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળવા સંસદ ભવન પહોંચ્યા હતા. તમને જણાવી દઈએ કે આ મહિને યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ઉંખખએ ૮૧માંથી ૩૪ સીટો જીતી હતી. જ્યારે ભાજપે ૨૧, અઉંજ્ઞએ એક, કઉંડ રામવિલાસને એક, ઝારખંડ લોકતાંત્રિક ક્રાંતિકારી મોરચાએ એક, જનતા દળ યુનાઈટેડને એક બેઠક જીતી હતી.

હેમંત સોરેને પીએમ મોદીને મળ્યા બાદ પત્રકારો સાથે વાત કરી હતી. તેણે કહ્યું, તમને બધાને નમસ્કાર. આગામી દિવસોમાં પણ બેઠકો યોજાશે. ઘણી વસ્તુઓ છે. આપણે આપણી સરકાર બનાવવી પડશે. અમે અહીં આશીર્વાદ લેવા આવ્યા છીએ. આ પહેલા હેમંત સોરેન અને તેમની પત્ની કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના ઘરે તેમને મળવા પહોંચ્યા હતા, જ્યાં તેમણે કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથે પણ મુલાકાત કરી હતી. કલ્પના સોરેન આ વર્ષે રાજકારણમાં પ્રવેશ્યા જ્યારે હેમંત સોરેન જેલમાં ગયા. વિધાનસભા ચૂંટણીમાં ઉંખખ ગઠબંધનની જીત બાદ હેમંત સોરેને કલ્પના સોરેનને સ્ટાર પ્રચારક તરીકે પણ સંબોધ્યા હતા. આટલું જ નહીં તેમણે ઉંખખની જીતનો શ્રેય પણ કલ્પનાને આપ્યો. લોકસભા ચૂંટણીમાં પણ જેએમએમ કલ્પના સોરેનના કારણે પાંચ બેઠકો જીતવામાં સફળ રહી હતી. હેમંત સોરેનની ગેરહાજરીમાં, કલ્પનાએ વન મેન આર્મીની જેમ ઉંખખને સંભાળ્યો.

હેમંત સોરેનનો શપથ ગ્રહણ સમારોહ ૨૮ નવેમ્બરે રાંચીના મોરહાબાદી ગ્રાઉન્ડમાં યોજાશે. આ કાર્યક્રમમાં ઈન્ડિયા બ્લોકના અગ્રણી નેતાઓને આમંત્રિત કરવામાં આવ્યા છે. બિહારના વિપક્ષના નેતા તેજસ્વી યાદવ, આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી જેવા મોટા નેતાઓ હાજરી આપે તેવી શક્યતા છે. હેમંત સોરેન ઝારખંડના મુખ્યમંત્રી તરીકે ચાર વખત શપથ લેનાર પ્રથમ નેતા હશે. તેમણે પહેલીવાર ૨૦૧૩માં જેએમએમ-કોંગ્રેસ ગઠબંધન સરકારમાં મુખ્યપ્રધાન પદ સંભાળ્યું હતું. આ પછી, તેમણે ૨૦૧૯માં બીજી વખત અને ૨૦૨૪માં ત્રીજી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. ઝારખંડમાં હેમંત સોરેનના નેતૃત્વમાં નવી સરકાર બનવા જઈ રહી છે. જનતાને આ સરકાર પાસેથી વિકાસ અને સ્થિરતાની અપેક્ષા છે. મહાગઠબંધનની જંગી જીત અને મજબૂત બહુમતી સાથે હેમંત સોરેનનો આ કાર્યકાળ ઝારખંડ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.

શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓમાં વહીવટીતંત્ર સક્રિય છે. રાંચીના ડેપ્યુટી કમિશનર અને અન્ય અધિકારીઓએ મોરહાબાદી મેદાનની મુલાકાત લીધી હતી અને વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. મહેમાનો માટે પરિવહન, પાર્કિંગ, કેટરિંગ અને રહેવાની સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

# રાજ્યસભાની છ બેઠકો પર ૨૦ ડિસેમ્બરે પેટા ચૂંટણી

### એ જ દિવસે જાહેર થશે પરિણામ : ત્રણ બેઠકો આંધ્ર પ્રદેશની, એક ઓડિશાની, એક પશ્ચિમ બંગાળની અને એક હરિયાણાની છે

નવીદિલ્હી, તા. ૨૬
ચૂંટણી પંચે રાજ્યસભાની ૬ બેઠકો પર પેટાચૂંટણીની જાહેરાત કરી છે. આ ચૂંટણીઓ ૨૦ ડિસેમ્બરે યોજાશે અને તે જ દિવસે પરિણામ પણ જાહેર કરવામાં આવશે. ત્રણ બેઠકો આંધ્ર પ્રદેશની, એક ઓડિશાની, એક પશ્ચિમ બંગાળની અને એક હરિયાણાની છે. સભ્યોના રાજીનામાના કારણે આ તમામ બેઠકો ખાલી પડી છે. નોમિનેશનની છેલ્લી તારીખ ૧૦ ડિસેમ્બર અને પરત ખેંચવાની છેલ્લી તારીખ ૧૩ ડિસેમ્બર છે.

રાજ્યસભાની આ બેઠકો વેંકટરમન રાવ મોપીદેવી, બિડા મસ્તાન રાવ યાદવ, રાયગા ક્રિષ્નૈયા (તમામ આંધ્ર પ્રદેશમાંથી), સુજીત કુમાર (ઓડિશામાંથી), જવાહર સરકાર (પશ્ચિમ બંગાળમાંથી) અને કૃષ્ણ



લાલ પંવાર (પશ્ચિમ બંગાળમાંથી)ના રાજીનામાને કારણે ખાલી પડી છે. હરિયાણા). રાજ્યસભા એ સંસદનું ઉપલું ગૃહ છે. તેના સભ્યો રાજ્ય વિધાનસભાના ચૂંટાયેલા સભ્યોમાંથી ચૂંટાય છે. રાજ્યસભામાં આ રાજ્યોનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે માટે આ ખાલી જગ્યાઓ ભરવા માટે આ પેટાચૂંટણી જરૂરી છે. ચૂંટણી પંચે તમામ રાજકીય પક્ષોને નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ ચૂંટણી સુનિશ્ચિત કરવા અપીલ કરી છે. આ બેઠકો પર રાજ્યસભામાં કયા નવા ચહેરા પહોંચે છે તે જોવું રહ્યું.

પેટાચૂંટણીના પરિણામોની અસર આ રાજ્યોના રાજકીય સમીકરણો પર પણ પડી શકે છે. તેથી આ બેઠકો જીતવા માટે તમામ પક્ષો પોતાની પુરી તાકાત લગાવી રહ્યા છે. આંધ્રપ્રદેશમાં ત્રણ બેઠકો પર ચૂંટણીને કારણે ત્યાંના રાજકીય સમીકરણોમાં બદલાવ આવી શકે છે. ઓડિશા, પશ્ચિમ બંગાળ અને હરિયાણામાં એક-એક સીટ માટે સખત સ્પર્ધા થઈ શકે છે. તે જોવાનું રસપ્રદ રહેશે કે શાસક પક્ષો તેમની બેઠકો જાળવી રાખવામાં સફળ થાય છે કે પછી વિપક્ષ તેમને છીનવવામાં સફળ થાય છે. ૨૦મી ડિસેમ્બરે મતદાન અને તે જ દિવસે પરિણામ આવ્યા બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે.

# મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રીને લઈ સસ્પેન્સ

### એકનાથ શિંદેએ આપ્યુ રાજીનામુ : કાર્યકારી મુખ્યમંત્રી પદે નિભાવશે જવાબદારી

નવીદિલ્હી, તા. ૨૬
મહારાષ્ટ્રમાં આગામી સીએમને લઈને સસ્પેન્સ છે. હજુ સુધી કોઈ નેતાના નામને મંજૂરી આપવામાં આવી નથી. દરમિયાન, મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મુંબઈમાં રાજભવન ખાતે રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણનને મુખ્ય પ્રધાન પદ પરથી રાજીનામું સુપરત કર્યું હતું. આ દરમિયાન તેમની સાથે નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસ હાજર હતા. જો કે આગામી સીએમની ચૂંટણી સુધી એકનાથ શિંદે કાર્યકારી સીએમ પદની જવાબદારી નિભાવશે. વાસ્તવમાં મહારાષ્ટ્ર વિધાનસભાનો કાર્યકાળ આજે પૂરો થઈ રહ્યો છે. દરમિયાન શિવસેનાના નેતા સંજય શિરસાટે કહ્યું કે આ મુદ્દે મંગળવાર રાત કે બુધવારે સવાર સુધીમાં નિર્ણય લેવામાં આવી શકે છે. તેમણે કહ્યું કે મુખ્ય પ્રધાન અંગેનો નિર્ણય એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને અન્ય ટોચના ભાજપના નેતાઓ સાથે ચર્ચા કર્યા પછી લેશે.

શિવસેનાના પ્રવક્તાએ પત્રકારોને જણાવ્યું કે, શિંદે, ફડણવીસ અને અજિત પવાર સાંજે



મળશે. આ દરમિયાન વિગતવાર ચર્ચા કરીને યોગ્ય નિર્ણય લેવામાં આવશે. મીડિયાને આ અંગેની જાણકારી આજે રાત્રે અથવા બુધવારે સવાર સુધીમાં આપવામાં આવશે. અગાઉના દિવસે, શિરસાટે કહ્યું હતું કે શિંદેના નેતૃત્વમાં વિધાનસભાની ચૂંટણી લડવામાં આવી હોવાથી, લોકોમાં સામાન્ય લાગણી હતી કે તેમણે મુખ્ય પ્રધાન રહેવું જોઈએ. મહાગઠબંધનમાં ભાજપને સીએમ પદ આપવા પર સહમતિ બની છે અને ભાજપ તરફથી દેવેન્દ્ર ફડણવીસને આ જવાબદારી મળી શકે છે. આ ઉપરાંત શિવસેના અને એનસીપી જૂથમાંથી એક-એક ડેપ્યુટી સીએમ હશે. વિધાનસભા ચૂંટણીમાં જંગી બહુમતી મળ્યા બાદ ભાજપ અને શિવસેના વચ્ચે મુખ્યમંત્રી પદ માટે જંગ ચાલી રહ્યો છે. વાસ્તવમાં શિવસેના એકનાથ શિંદેને સીએમ બનાવવાની માંગ કરી રહી છે. શિવસેના મહારાષ્ટ્રમાં પણ બિહાર ફોર્મ્યુલા લાગુ કરવાની માંગ કરી રહી છે, જ્યાં ભાજપે વધુ બેઠકો જીતવા છતાં નીતિશ કુમારને મુખ્યમંત્રી બનાવ્યા છે. શિવસેનાના સાત સાંસદો પણ વડાપ્રધાનને મળી શકે છે. આને શિવસેના દ્વારા દબાણની રાજનીતિ તરીકે પણ જોવામાં આવી રહી છે.

# J&Kમાં પ્રથમ વખત ઉજવાયો બંધારણ દિવસ

### ભારત પરિવર્તનના એક મોટા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે : વડાપ્રધાન મોદી





નવીદિલ્હી તા. ૨૬
જમ્મુ-કાશ્મીરમાં ૧૯૫૦ પછી પહેલીવાર મંગળવારે બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. તે સમયે સંસદ દ્વારા દેશનું બંધારણ અપનાવવામાં આવ્યું હતું. બંધારણ દિવસની ભવ્ય ઉજવણી માટે સરકારે સૂચનાઓ જારી કરી છે. બંધારણના સ્વીકારના ૭૫ વર્ષ પૂર્ણ થવાના મહત્વને ધ્યાનમાં રાખીને, ભારતના બંધારણમાં સમાવિષ્ટ મુખ્ય મૂલ્યોને પુનરાવર્તિત કરવા અને નાગરિકોને તેમની યોગ્ય ભૂમિકા ભજવવા માટે પ્રેરિત કરવા માટે આ દિવસ ખૂબ જ ઉત્સાહ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. અભિયાન છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ વર્ષનું વિશેષ મહત્વ છે કારણ કે તે 'આપણું બંધારણ, અમારું સ્વાભિમાન'ના ૭૫ વર્ષની ઉજવણી કરે છે.

લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા જમ્મુ-કાશ્મીરમાં બંધારણ દિવસની ઉજવણીનું નેતૃત્વ કર્યું. મુખ્ય કાર્યક્રમ શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર (SKICC), શ્રીનગર ખાતે પરિચય વાંચન સમારોહ યોજાયો. 'આપણું બંધારણ, આપણું સ્વાભિમાન' થીમ હેઠળ, જમ્મુ અને કાશ્મીરમાં સરકારી કચેરીઓ, જાહેર ઉપક્રમો, શૈક્ષણિક સંસ્થાઓ અને ગ્રામીણ વિસ્તારોમાં સમાન ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. બંધારણ દિવસની ઉજવણી થઈ રહી છે ત્યારે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટે પ્રસ્તાવના વાંચવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ શહઝાદ અઝીમે એક આદેશમાં જણાવ્યું હતું કે ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. હાઈકોર્ટની દરેક વિંગમાં ઉપલબ્ધ વરિષ્ઠ સૌથી માનનીય ન્યાયાધીશો બંધારણની પ્રસ્તાવના વાંચશે, જ્યારે મુખ્ય જિલ્લા ન્યાયાધીશો તેમના સંબંધિત જિલ્લા મુખ્યાલયમાં બંધારણની પ્રસ્તાવના વાંચશે અને તાલુકા કોર્ટમાં સૌથી વરિષ્ઠ ન્યાયિક અધિકારી નેતૃત્વ કરશે. તે તેમણે કહ્યું કે હાઈકોર્ટ વિંગ જમ્મુ અને શ્રીનગરના ન્યાયિક રજિસ્ટ્રાર પોતપોતાની પાંખોમાં બંધારણની પ્રસ્તાવના વાંચન સમારોહનું આયોજન કરવા માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ કરશે.

આપણું બંધારણ દેશની તમામ અપેક્ષાઓ અને જરૂરિયાતો પૂરી પાડે છે. બંધારણની તાકાતના કારણે આજે બાબા સાહેબનું બંધારણ જમ્મુ કાશ્મીરમાં સંપૂર્ણ રીતે લાગૂ થઈ ચૂક્યું છે. પહેલીવાર જમ્મુ કાશ્મીરમાં બંધારણ દિવસ મનાવવામાં આવ્યો. આજે ભારત પરિવર્તનના એક મોટા તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે અને ભારતનું બંધારણ આપણને રસ્તો બતાવી રહ્યું છે. આ આપણા માટે એક માર્ગદર્શક બની ગયું છે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# સ્ફૂર્તિ ગુમ, સુસ્તી અપ

## શિયાળો તંદુરસ્તીની ઋતુ ગણાય, પણ રોગચાળો વકર્યો : બ્રેક મારો



અસંખ્ય ઘટના પ્રવાહોમાં અતિ મહત્વની ઘટનાઓ દબાઈ જતી હોય છે. રાજકોટમાં બનેલી એક ઘટનાથી સમાજની ઉંઘ હરામ થઇ જવી જોઈએ. પણ અફસોસ છે કે, આ ઘટનાની કોઈ ખાસ નોંધ લેવાઈ નથી. રાજકોટમાં ૧૧ વર્ષીય સ્વસ્થ બાળકનું હ્રદયરોગના હુમલાથી અવસાન થયું.

આ ઘટના સામાન્ય નથી. ગુજરાતની નવી પેઢી તેજસ્વી હશે, પણ શારીરિક- માનસિક અને ભાવનાત્મક આરોગ્યની પથારી ફરી રહી છે. સુખી થવાના આપણી દોડમાં આપણે તંદુરસ્તીથી માંડીને જીવ ગુમાવી રહ્યા છીએ. વર્તમાન પ્રવાહોને થોડી બ્રેક મારીને નવેસરથી દિશા નક્કી કરવાનું ચિંતન અનિવાર્ય બન્યું છે.

ગુલાબી ઠંડીની શરુઆત થઇ ગઈ છે. આપણા શાસ્ત્રો તથા પરંપરા પ્રમાણે ઠંડકભર્યા દિવસો એટલે તંદુરસ્તી પ્રાપ્ત કરવાનો સમય. આરોગ્ય વિજ્ઞાન પ્રમાણે શિયાળામાં પાચન તંત્ર તેજ બને છે. આ સમયે પોષક અને ભારે ખોરાક ગ્રહણ કરીને ઈમ્યુનિટીને પાવર ફૂલ કરવાની હોય છે, જે આખું વર્ષ રોગમુક્ત રાખી શકે છે.


સ્થિતિ શું છે? રાજકોટના મીડિયા પર નજર કરો તો રોગચાળો બેફામ બન્યાના સમાચારો નજરે પડશે. ડેન્ગ્યું- મેલેરિયા- ચીકનગુનિયાથી માંડીને ફલુ, શરદી, ઉધરસ, તાવના કેસો ઘરે-ઘરે જોવા મળે છે. નાના-મોટા તબીબોને ત્યાં રોગીઓના મેળા ભરાયા છે આ ઉપરાંત કેન્સર, હ્રદયરોગ જેવા જીવલેણ રોગોનો પ્રસાર પણ ભયજનક બન્યો છે.

ઠંડી ઋતુમાં તંદુરસ્તી પ્રાપ્ત કરવાની પરંપરા હતી તેનું શું થયું ? પહેલું સુખ જાતે નર્યા આપણો મૂળ વિચાર છે. હવે વિશ્વ પણ આરોગ્ય પત્યે ગંભીર બની ગયું છે. તાજેતરના સર્વે પ્રમાણે તંદુરસ્તીના ભોગે લોકો વિકાસ ઈચ્છતા નથી. આપણે ત્યાં તો મોતના ભોગે વિકાસનો પ્રવાહ ચાલી રહ્યો છે.

પાંચ-સાત વર્ષના બાળકોને હ્રદયરોગના હુમલા આવવા લાગ્યા છતાં આપણે ગંભીર બન્યા નથી. બાલ્યા અવસ્થા કે કિશોરાવસ્થામાં તનાવના કારણે આત્મહત્યાઓની ઘટનાઓ બનવા લાગી છતાં આપણે ગંભીર બન્યા નથી. ભાવનાત્મક વિવેકના કારણે કિશોરો-યુવાનો જીવ આપી કે લઇ રહ્યા છે, છતા આપણી આંખ ખુલી નથી. હ્રદયરોગના હુમલા ૬૫-૭૦ વર્ષની વયે આવતા હતા. હવે પાંચ-સાત વર્ષના વયે આવવા લાગ્યા છે. હજુ આપણે કેટલો વિકાસ કરવો છે ?

બાળકોના સારા ભવિષ્ય માટે ઉત્તમ સ્કૂલો પસંદ કરીએ છીએ. ભવિષ્યમાં બાળક માટેના ફંડની વ્યવસ્થા કરીએ છીએ. વર્તમાનમાં બાળકોની ખુશી માટે પેકેજડ ફૂડથી માંડીને ફાસ્ટફૂડના રવાડે ચઢાવીએ છીએ. બાળકો ખુશ રહે તે માટે મોટાભાગના વાલીઓ ગજા બહારના ખર્ચ- આયોજનો કરે છે. પણ બાળકો જીવતા રહે, તંદુરસ્ત રહે, તન-મન અને ભાવનાત્મક રૂપે ટનાટન રહે તે માટે કઈ નહિ...

પ્રવાહને બ્રેક મારો શિયાળો બીમાર થવાની ઋતુ નથી, તન-મન ટનાટન બનાવો.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# ચૂંટણી જીતો તો EVM યોગ્ય, હારો તો અયોગ્ય આ કેવું ? : સુપ્રીમ

## દેશમાં મતદાન બેલેટ દ્વારા કરાવવાની સૂચના આપવામાં આવે તેવી અરજી સુપ્રિમમાં, કોર્ટે ફગાવી

નવીદિલ્હી, તા. ૨૬

સુપ્રીમ કોર્ટે તે અરજીને ફગાવી દીધી હતી જેમાં અરજદારે અરજી દાખલ કરી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે દેશમાં મતદાન બેલેટ દ્વારા કરાવવાની સૂચના આપવામાં આવે. અરજદાર ડો. કે.એ. પોલે એક ઙ્ઇંક દાખલ કરીને કહ્યું હતું કે ચૂંટણી પંચને એવા ઉમેદવારોને ગેરલાયક ઠેરવવા માટે પણ નિર્દેશ આપવામાં આવે કે જેઓ ચૂંટણી દરમિયાન દારૂનું વિતરણ કરવા અને અન્ય પ્રલોભન આપવા માટે દોષિત છે. પિટિશનમાં, બેલેટ દ્વારા મતદાન કરવા ઉપરાંત, અન્ય કેટલીક માર્ગદર્શિકાઓની પણ વિનંતી કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે આ મામલામાં અરજીને ફગાવી દેતા કહ્યું કે જો તમે ચૂંટણી જીતો તો ઈવીએમ યોગ્ય રહે છે. નુકસાનના કિસ્સામાં, ઊટખ ખરાબ હોવાનો આરોપ છે. કોર્ટે કહ્યું કે આ કેસમાં અરજદાર રાજકીય પક્ષ નથી. જસ્ટિસ વિક્રમ નાથે પીઆઈએલને ફગાવી દેતા તીખી ટિપ્પણી કરી અને કહ્યું કે જ્યારે તમે ચૂંટણી જીતો છો ત્યારે ઈવીએમમાં કોઈ ખામી નથી. પરંતુ જ્યારે તમે હારશો ત્યારે ઈવીએમ સાથે ચેડાં થયાનો આરોપ છે. જ્યારે ચંદ્રાબાબુ નાયડુ હારી ગયા ત્યારે તેમણે કહ્યું હતું કે ઈવીએમમાં ખામી હોઈ શકે છે. હવે આ વખતે જ્યારે જગન મોહન રેડ્ડી હારી ગયા તો તેમણે એમ પણ કહ્યું કે ઈવીએમમાં છેડછાડ કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે અરજદારને કહ્યું કે તમે અગાઉ પણ પીઆઈએલ દાખલ કરી છે, આ વિચાર ક્યાંથી આવે છે. અરજદારે કહ્યું કે તે લોસ એન્જલસમાં ગ્લોબલ પીસ સમિટમાંથી પરત ફર્યો હતો. આ પીઆઈએલમાં મને ૧૮૦ નિવૃત્ત ઈંઙ્જ અને ઈંઅજ અને નિવૃત્ત ન્યાયાધીશોનું સમર્થન મળ્યું છે. અરજીકર્તાએ કહ્યું કે તે એક એવી સંસ્થાના પ્રમુખ છે જેણે ત્રણ લાખથી વધુ અનાથ અને ૪૦ લાખ વિધવાઓને બચાવી છે.

### ૧૫૫ દેશોમાં બેલેટ પેપર દ્વારા મતદાન – અરજદાર

જસ્ટિસ નાથે પૂછ્યું કે તમે આ રાજકીય બાબતોમાં શા માટે સામેલ થવા માંગો છો? તેના પર અરજદારે કહ્યું કે આ પીઆઈએલ રાજકીય નથી. જો જોવામાં આવે તો વિશ્વના ૧૫૫ દેશોમાં બેલેટ પેપર દ્વારા મતદાન થાય છે. તમામ લોકશાહી દેશોમાં બેલેટ પેપર દ્વારા મતદાન કરવામાં આવે છે. અરજીકર્તાએ કહ્યું કે ૨૬ નવેમ્બર મંગળવારના રોજ બંધારણ દિવસ છે અને ઈવીએમ દ્વારા મતદાનને કારણે સમાનતા, અભિપ્રાય અને જીવનના અધિકારનું ઉલ્લંઘન થઈ રહ્યું છે.

### છેતરનારા ટાપીને જ બેઠા હોય છે...નજર હટી દૂર્ઘટના ઘટીઃ વધુ લાખોની ઠગાઇ થઇ ગઇ

# ૪૪ વર્ષનો શેરબજારનો અનુભવ ધરાવતાં વૃધ્ધ ૧।। કરોડમાં છેતરાયા

## નિવૃત અધિકારીએ શેરબજારમાં કમાણીની લ્હાયમાં નાણા રોક્યા અને ફસાઇ ગયાઃ બીજા નવતર કિમીયામાં ૧૦૦ છાત્રોએ ફી ભરવામાં મદદના નામે ઠગાઇઃ એમપીની ગઠીયો આબાદ ઝડપાયો

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૨૬

સાયબર ફ્રોડની દુનિયામાં રોજબરોજ લોકો લાખો કરોડોમાં છેતરાઇ રહ્યા છે. લોકોની લાલચ પણ આવી ઘટનાઓ પાછળ જવાબદાર હોય છે. વધુ એક વખત શેરબજારમાં કમાણીની લાલચ આપી ઓએનજીસીના નિવૃત મેનેજર સાથે દોઢ કરોડની ઠગાઇ કરી લેવામાં આવી છે. ચોંકાવનારી વાત એ છે કે આ કિસ્સામાં ભોગ બનનારા નિવૃત મેનેજર છેલ્લા ચુમાલીસ વર્ષથી શેરબજારમાં રોકાણ કરી રહ્યા છે અને તેની પધ્ધતિથી વાકેફ છે, વળી હાલમાં શેર બજારના નામે ફ્રોડ થઇ રહ્યાથી પણ તેઓ અજાણ નહોતાં. આમ છતાં ગઠીયાઓની જાળમાં તે આબાદ ફસાઇ ગયા હતાં. બીજા એક કિસ્સામાં સ્કૂલ કોલેજમાં અભ્યાસ કરતી છાત્રાઓની ફી ભરવામાં આર્થિક મદદ કરવાના ઓઠા તળે સાયબર ક્રાઇમ આચરી સોથી વધુ યુવતિઓ સાથે ઠગાઇ કરવામાં આવી છે.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ચાંદખેડા વિસ્તારમાં રહેતા ઓએનજીસીના નિવૃત મેનેજરને શેર બજારમાં રોકાણની સામે ઉંચુ વળતર આપવાની લાલચ આપીને ઓનલાઇન છેતરપિંડી કરતી ગેંગ દ્વારા ૧.૫૧ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે. સૌથી મહત્વની વાત એ છે કે છેતરપિંડીનો ભોગ બનનાર છેલ્લાં ૪૪ વર્ષથી શેરબજારમાં નિયમિત રોકાણ કરવાની સાથે ઓનલાઇન છેતરપિંડીના કૌભાંડની માહિતી જાણતા હોવા છતાંય આબાદ શિકાર બન્યા હતા. શહેરના ચાંદખેડામાં આવેલા દેવ ડિઝાયર એપાર્ટમેન્ટમાં રહેતા અડસઠ વર્ષીય હરીશ ઝા ઓએનજીસીમાંથી મેનેજર તરીકે ફરજ બજાવ્યા બાદ નિવૃત જીવન પસાર કરે છે. જુન ૨૦૨૪માં તે યુ-ટયુબ પર એક વિડીયો જોતા હતા ત્યારે શેરબજારમાં રોકાણની સામે સારા વળતરની ઓફર કરતી એક જાહેરાત જોઇ હતી.

ઉલ્લેખનિય છે કે હરીશભાઇ છેલ્લાં ચુમાલીસ વર્ષથી શેરબજારમાં શેરબજારમાં ટ્રેડીંગ કરતા હોવાથી તેમણે જાહેરાત પર ક્લીક કરતા તેમને વોટ્સએપના એક ગ્રુપમાં એડ કરાયા હતા. જ્યાં તેમને શેરબજારમાં રોકાણની ટીપ્સ મળતી હતી



અને તેમણે એકાઉન્ટમાં લોગઇન કરાવીને અલગ અલગ આઇપીઓમાં કુલ ૧.૫૧ કરોડની રકમનું રોકાણ કર્યુ હતું. જેની સામે તેમને કરોડોનો નફો જોવા મળતો હતો. ત્યારબાદ તેમણે વધુ રોકાણ કરવા માટે તેમના નફામાંથી નાણાં ઉપાડવા માટે કહેતા તેમને નફો ઉપાડવા માટે માર્જીન મની જમા કરવાનું કહેતા હરેશભાઇને છેતરપિંડી થયાનો ખ્યાલ આવ્યો હતો. આ અંગે સાયબર ક્રાઇમે ગુનો નોંધીને ટેકનીકલ સર્વલન્સના આધારે તપાસ શરૂ કરી હતી.

ઠગાઇસના બીજા બનાવમાં સ્કૂલ અને કૉલેજોમાં અભ્યાસ કરતી યુવતીઓના વોટ્?સએપ હેક કરી લઈને મિત્રો, સ્વજનો પાસેથી ફી ભરવા માટે આર્થિક મદદ માગવાનું નવતર પ્રકારનું ઠગાઈનું કારસ્તાન પકડાયું છે. સ્ટેટ સાયબર ક્રાઇમે હેલ્પ લાઇન નંબર ઉપર એક યુવતીએ કરેલી ફરિયાદના આધારે મધ્ય પ્રદેશના નાના એવા ગામના યુવકને પકડી પાડ્યો છે. વોટ્સએપ હેક કરીને મેસેજ મોકલીને ફી માટે મદદ માગીને આ ચીટર બૅંક એકાઉન્ટ નંબર મોકલીને પૈસા પડાવતો હતો. ગુજરાત સહિત અડધો ડઝન રાજ્યની ૧૦૦થી વધુ યુવતીઓને આ પ્રકારે છેતરવામાં આવ્યાની પ્રાથમિક વિગતો સામે આવી છે.

વધુ વિગતો અનુસાર ગુજરાત સ્ટેટ સાયબર ક્રાઇમના હેલ્પ લાઇન નંબર ૧૯૩૦ ઉપર એક યુવતીએ ફોન કરીને મદદ માગી હતી. યુવતીએ સીઆઇડીને કરેલી અરજીમાં ફરિયાદ કરી હતી કે, તેનું વોટ્સએપ હેક કરીને તેના મિત્રો અને સ્વજનો પાસેથી કોઈ વ્યક્તિએ પૈસા પડાવ્યા હતા. ફી ભરવા માટે પૈસાની જરૂરિયાત છે તેવું બહાનું બતાવીને યુવતીના નામે પૈસા મેળવી લેવામાં આવ્યા હતા. યુવતીની ફરિયાદના આધારે સ્ટેટ સાયબર ક્રાઇમ બ્રાન્ચે ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી.

આ બારામાં સ્ટેટ સાયબર ક્રાઇમ સેલની તપાસ દરમિયાન એક મોબાઇલ નંબર અને એસ.બી.આઇનો એક બૅંક એકાઉન્ટ નંબર મળ્યો હતો કે જેમાં ફીના બહાને છેતરપિંડીથી મેળવવામાં આવેલા પૈસા ટ્રાન્સફર કર્યા હતા. સીઆઇડીના સાયબર ક્રાઇમ સેલે વિશેષ તપાસ કરતાં આ મોબાઇલ નંબરથી ગુજરાત જ નહીં દેશના અડધો ડઝન રાજ્યમાં અનેક યુવતીઓના નામે આ -કારે પૈસા પડાવવામાં આવ્યા હોવાની વિગતો ખુલી હતી.

વધુ વિગતો મુજબ શકમંદ અંગે તપાસ કરતાં આ મોબાઇલ નંબર મધ્યપ્રદેશના અનુપપુર જિલ્લાના નાના એવા બદરા ગામમાં સક્રિય હોવાનું જણાયું હતું. મધ્ય પ્રદેશ પોલીસની મદદ લઈને ગામમાંથી પ્રભાતકુમાર છોટેલાલ ગુપ્તા નામના આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. પ્રભાત ગુપ્તાએ -ાથમિક પૂછપરછમાં જ અત્યાર સુધીમાં સ્કૂલ-કૉલેજોની ૧૦૦થી વધુ તરુણીઓ અને યુવતીઓને ટાર્ગેટ કરી છે. સ્કૂલ-કૉલેજની વિદ્યાર્થિનીઓના વોટ્સએપ હેક કરીને તેમાં આત્મીયતાથી ચેટ કરી હોય તેવા ફ્રેન્ડસ અને નજીકના લોકોને ચિટર પ્રભાત ગુપ્તા વોટ્સએપ મેસેજ કરીને ફી ભરવાના બહાને મદદ માંગતો હતો. યુવતીઓના નામે બૅંક એકાઉન્ટ નંબર આપીને તેમાં પૈસા મગાવવામાં આવતા હતા.

આરોપી પ્રભાત ગુપ્તા પાસેથી બે મોબાઇલ ફોન, ૧૧ સીમકાર્ડ, ૧૨ ડેબીટ કાર્ડ, બે બૅંક એકાઉન્ટની પાસબુક અને ચેકબુકો કબજે કરવામાં આવી છે. ખાસ ભણેલો નથી તેવો આ આરોપી સ્કૂલ અને કૉલેજોમાં અભ્યાસ કરતી તરુણીઓ અને યુવતીઓના નંબર ક્યાંથી મેળવતો અને વોટ્?સએપ હેક કઈ રીતે કરતો તે સહિતના મુદ્દે સ્ટેટ સાયબર સેલની ટીમે વધુ તપાસ હાથ ધરી છે. આમ ઠગાઇનો આ વધુ એક નવતર કિમીયો સામે આવ્યો હતો.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# દયનીય દામ્પત્ય! (બોધકથા)

## સુબોધ અને શ્રેયાનાં જીવનની શું હતી સમસ્યા કે બંને ડિવોર્સ ઈચ્છતા હતાં?!



ઘણીવાર સંબંધોમાં ગલતફ્હેમી પણ આવી પીડાનું કારણ બને! અને કોઈ ન સમજી શક્યાનું દુઃખ કે એ ટીસ કાયમ માટે સંબંધમાં એક તિરાડ પાડી દે છે! પણ સમય જતાં આવાં જખ્મ રુઝાતા પણ નથી અને કોઈને દેખાતાં પણ નથી!ઃ અને આવાં દંપતી સંબંધોને ઢસરડાની જેમ નિભાવે જતાં હોય છે, અને ઉપરથી સમાજમાં કંઈ નથીનો દેખાવ કરવાનો! પણ ઘણીવાર કંઈ જ હોતું નથી છતાં પરિસ્થિતી એટલી વિપરીત થાય છે, અને વાત ડિવોર્સ સુધી પહોંચે છે. આમ તો દરેક અંગત સંબંધ બહુ સંવેદનશીલ હોય છે, છતાં પતિ પત્નીનાં સંબંધમાં સતત સાથે રહેવાનું હોય, એટલે એમાંથી જો કોઈ એક પક્ષ સાથે દગો થયો, કે છેતરપિંડી થયાની લાગણી થાય તો, જીવન પર્યંત પછી એ સંબંધ રુઝાશે નહીં! એવું લાગતાં કોઈ એક પક્ષ ડિવોર્સ માંગે છે. હું આજે આવાં જ એક સંબંધની વાત બુધવારની બોધકથામાં લઈને આવી છું.

સુબોધ અને શ્રેયા બંને કોલેજમાં સાથે હતાં, કોલેજ પછી છૂટાં પડી ગયાં અને પછી અચાનક જીંદગી એ એરેન્જ મેરેજની મિટિંગમાં ભેગા કર્યા બંને એ હા પાડી અને લગ્ન થયા! એજ્યુકેશન બંનેનું સરખું હતું, છતાં શ્રેયા પોતાની મરજીથી હાઉસ વાઈફ બની, અને સુબોધ એક મલ્ટી નેશનલ કંપનીમાં ઉંચી પોસ્ટ પર જોબ કરવા લાગ્યો! સેલેરી સારો હતો એટલે આર્થિક રીતે કોઈ મુસીબત નહોતી, અને શરું શરુંમાં તો બંને ને સ્વર્ગ મળી ગયાં જેવું લાગ્યું! સુબોધ એકદમ જોલી નેચરનો અને તરત ફ્રેન્ડ બનાવી શકે એવો એકદમ રોમેન્ટિક અને ડાયનેમિક પર્સનાલિટી ધરાવતો યુવાન હતો!

સુબોધના ફ્રેન્ડ સર્કલમાં આધુનિક કલ્ચર પ્રમાણે બર્થ ડે પાર્ટી, એનિવર્સરી પાર્ટી વગેરેનું આયોજન થતું. શ્રેયા પણ આધુનિક કલ્ચરમાં જ મોટી થયેલી હોવાથી એને આમાં કંઈ અજીબ લાગતું નહીં, અને એ પણ સુબોધ સાથે હોશે હોશે પાર્ટીઓમાં ભાગ લેતી. શ્રેયા પોતે એજ્યુકેટેડ હોવા છતાં ઘરની જવાબદારી સ્વીકારી છે, એ સાંભળીને બંનેની જોડીને લોકો ખૂબ જ આદર ભાવથી જોતા!ઃ બંને વચ્ચે ખૂબ જ પ્રેમ હતો અને સંબંધને નિભાવવાની અન્ડરસ્ટેન્ડિંગ પણ હતી. શ્રેયાને મા બનવાની ઉતાવળ હતી, જ્યારે સુબોધ હજી જિંદગીને માણી લેવામાં માનતો હતો! એણે શ્રેયાને પણ સમજાવી કે પછીથી તારો નિર્ણય જ તને બંધન લાગશે, મને પણ બાળકો ખૂબ જ ગમે છે, પરંતુ આપણે હજી બે ત્રણ વર્ષ સંબંધ પરિપક્વ થાય એટલી રાહ જોઈએ! એણે તેને આ માર્ગના બધાં જ ખતરા દેખાડ્યા! પોતે સતત બંધાઈને રહી નહીં શકે! એ પણ કહ્યું,જોબ માટે વારંવાર બહાર જવું પડશે! એ પણ સમજાવ્યું, પણ પછી અંતે શ્રેયાની જીદ આગળ સુબોધ નમી ગયો અને થોડાં જ સમયમાં શ્રેયા પ્રેગ્નન્ટ બની. મા બાપ બનવું કંઈ સહેલું નથી, અને એમાં પણ એક સ્ત્રી માટે તો આ સમય બહુ જ નાજુક હોય છે, તેને સતત એના સાથીની હુંફની જરૂર હોય છે! પણ સુબોધ તો કંપની કામે વારંવાર આઉટ ઓફ ટાઉન જતો! અત્યાર સુધી શ્રેયાને આ બધું નોર્મલ લાગતું હતું, પણ હવે એને સુબોધનું વારંવાર કંપની માટે બહાર જવું ગમતું નહીં! કારણ માત્ર એ તેની કંપની ઝંખતી હતી, એટલું જ હતું! હવે સુબોધ પાર્ટીમાં પણ એકલો જવાં લાગ્યો, અને ફ્રેન્ડ સાથે ધમાલ મસ્તીની તસ્વીરો સોશિયલ મીડિયા પર અપડેટ કરતો, એના મનમાં કોઈ બીજો ભાવ ન્હોતો. પરંતુ શ્રેયા સુબોધની સ્ત્રી મિત્રો સાથેની તસવીરો જોઈને ઈર્ષા અને શંકા કરવા લાગી! બસ અત્યાર સુધીના પ્રેમનાં સંબંધમાં આ વાતે વારંવાર ઝઘડા થવાં લાગ્યા એકબીજાને ગમે તેવા આક્ષેપ કરવા લાગ્યાં ! બંધ બારણાની આ વાતો ધીરે ધીરે બહાર આવવા લાગી, અને એના સગા સંબંધીઓમાં પાંચ મહિના પહેલાની જિંદગીનું શું આ જ સરવૈયું છે? એવું લાગતું હતું! આમ જુઓ તો દોષ બેમાંથી કોઈનો ન્હોતો, પણ આ વાત સમજાવે કોણ? બેમાંથી એક પક્ષે ઉદારતા બતાવવાની જરૂર હતી, પણ બંને એ તક ચુકી ગયા! અને અચાનક એક દિવસ શ્રેયાએ પોતે હવે આ બાળકનું ગર્ભપાત કરાવવા માંગે છે, અને પછી સુબોધ સાથે ડિવોર્સ પણ ઈચ્છે છે, એવું જાહેર કર્યું! પોતે પણ જોબ કરશે અને પોતાની જિંદગી એન્જોય કરશે!

અંતે ડિવોર્સ કેસ ફાઈલ થયો! અને જજ તરીકે અનુભવી અનુરાધા ઓઝા એ કેસ સ્ટડી કર્યો અને એને આ દયનીય દામ્પત્યને બચી શકે છે એવું લાગ્યું. ડોક્ટર દીપિકા વોરા સાથે મસલત કરી અને ડોક્ટર એ કહ્યું કે પહેલા પેશન્ટની મેડિકલી ટ્રીટમેન્ટ શરૂ કરવી પડશે, અને પછી ગર્ભપાત વિશે વિચારી શકાય! આમ તો એને બાળક ન જોઈતું હોય તો પણ દુનિયાનો કોઈ કાયદો એને એબોર્શનની છૂટ આપી શકે નહીં! શ્રેયાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી! અને ડોક્ટર દીપિકા વોરા એ યુક્તિ કરી, શ્રેયા સવારે ઉઠી તો એની પથારીમાં લોહીનું ખાબોચિયું હતું! એ ગભરાઈ ગઈ એણે ડોક્ટર ડોક્ટર એમ રાડ પાડી! ડોક્ટરે કહ્યું શ્રેયા ભગવાન એ તારું સાંભળી લીધું અને તને મિસ કેરેજ થઈ ગયું છે. હવે તારે ગભરાવાની જરૂર નથી, તું હવે બિલકુલ સ્વતંત્ર છો! તું પણ સુબોધ જેમ એન્જોય કરી શકીશ! આમ કહી સુબોધને ફોન પર શ્રેયાને મિસ કેરેજ થયું છે એમ કહ્યું. પોતે નથી ઈચ્છતા એવું જાહેર તો કર્યું પણ શ્રેયા અને સુબોધ બંને ખુશ નહોતા. શ્રેયાનું હ્રુદય તો હવે પોતાનો ખોળો ખાલી થયો એ વિચારીને કલ્પાંત કરવા લાગ્યું. જજ અને ડોક્ટર બંનેની યુક્તિ કામ કરી ગઈ, અને સુબોધ શ્રેયા પોતાની ભૂલ પર પસ્તાવા લાગ્યા! એક દિવસ હિમ્મત કરીને સુબોધ શ્રેયા પાસે આવે છે, અને શ્રેયા એને ભેટીને ખૂબ જ રડે છે. હવે પોતે ડિવોર્સ નથી ઈચ્છતી એમ કહ્યું! સુબોધ પણ એને આલિંગનમાં લઈને બધું જ સરખું કરી દેશે એવું પ્રોમિસ કર્યું. બંને કોર્ટમાં પોતાની ભૂલની માફી માંગી અને કેસ પાછો ખેંચવા કહ્યું. જજ અનુરાધા ઓઝા અને ડોક્ટર દીપિકા વોરા એ શ્રેયાને ગર્ભપાત નથી થયો, એનાં શુભ સમાચાર આપ્યા! અને બંને જણાંને એકબીજા પર વિશ્વાસ રાખવા, તેમજ વફાદાર બની રહેવા સલાહ આપી ઉજ્જવળ ભવિષ્ય ની શુભેચ્છા પાઠવી.

મિત્રો દામ્પત્ય જીવનમાં આજકાલ સહનશીલતા ઓછી થઈ ગઈ છે! અને તે ઉપરાંત બાળક એક જવાબદારી લાગે છે સ્વતંત્રતા ના ભોગે બાળક કરવા કોઈ તૈયાર નથી! અને જ્યારે પણ વિચારે ત્યારે સમજણ ના અભાવે આવાં પ્રશ્નો થવા બહુ સ્વાભાવિક છે! અને મોટાભાગના ડિવોર્સ કેસમાં અત્યારે અહમ્ આગ્રહ અને શંકાના કારણો મળે છે! દરેકને નસીબે જજ અનુરાધા ઓઝા કે ડોક્ટર દીપિકા વોરા નથી હોતાં! એટલે પોતે જ સમજદારી દાખવવી જોઈએ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### રામકથામાં લોકોની સુરક્ષા ને લઈ મહત્વનો નિર્ણય

# VVIP પાસમાં ફક્ત એક જ વ્યક્તિને મળશે એન્ટ્રી

## અપેક્ષા કરતાં શ્રાવીકોનો ઘસારો વધ્યો : માતાઓ, બહેનોની સુરક્ષા અને કોઈ પણ પ્રકારની ધક્કા મુક્કી ન થાય, કોઈ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી

રાજકોટ તા. ૨૬

પ્રથમ ત્રણ દિવસ વૈશ્વિક રામકથામાં લોકોની જનમેદનીનો ખૂબ સારો પ્રતિભાવ રામકથાના શ્રવણ માટે મળ્યો છે. લોકો ધારણા બહાર કથા મંડપમાં કથા સાંભળવા ઉમટી પડ્યા હતા, એક રીતે જોવા જઈએ તો તે આનંદની વાત છે, કારણ કે વધુમાં વધુ લોકો રામકથા શ્રવણ માટે આતુર છે. સ્વાભાવિક છે કે નિમિત્ત આયોજકોની ભાવના એ જ હોય કે વધુમાં વધુ લોકો કથા શ્રવણ, ભક્તિનો, સેવાનો લાભ લે પરંતુ વ્યવસ્થાની સરળતા, લોકોની સુરક્ષા માટે તંત્રના સહકાર અને માર્ગદર્શનમાં હવેથી વી. વી. આઈ. પી પાસમાં તાત્કાલિક અસરથી ફક્ત એક જ વ્યક્તિને એન્ટ્રી આપવામાં આવશે. માતાઓ, બહેનોની સુરક્ષા અને કોઈ પણ પ્રકારની ધક્કા મુક્કી ન થાય, કોઈ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને તે માટે આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. પહેલા બે દિવસ આ સંખ્યા ચાર વ્યક્તિ માટે હતી ત્યારબાદ બે વ્યક્તિ માટે કરવામાં આવી અને હવે ફક્ત એક જ વ્યક્તિને એન્ટ્રી આપવામાં આવશે. જેથી સૌ રામભક્તો સરળતાથી કથા શ્રવણ કરી શકે.

જો કે અન્ય લોકો માટે કરાયેલી વ્યવસ્થામાં સૌ પૂ. મોરારિબાપુની સન્મુખ કથા સાંભળવા માટે બેસી શકે છે. રાજકોટમાં વી. વી. આઈ. પી, વી. આઈ. પી સહિતના સૌ લોકો મિત્રો, પરિવાર સાથે આવે તેની વ્યવસ્થા છે જ પરંતુ વી. વી. આઈ. પી પાસમાં એક જ વ્યક્તિ એન્ટ્રી લઈ શકે તેવી વ્યવસ્થા રાખવામાં આવી છે. સૌ લોકો મિત્રો, પરિવાર સાથે અચૂક પધારે પરંતુ તેઓ અન્યત્ર પોતાનું સ્થાન, જ્યાં ઉપલબ્ધ હોય ત્યાં મેળવી લે, જેનાથી શક્ય હોય તેને ભારતીય બેઠક વ્યવસ્થા જ ગ્રહણ કરે તેવી આયોજકો દ્વારા વિનમ્ર પ્રાર્થના કરવામાં આવી છે જેથી સુરક્ષા, ગરિમા જળવાઈ રહે. આનંદની વાત એ છે કે ધાર્યા કરતાં ખૂબ મોટો રામ ભક્તોનો જન પ્રવાહ રામકથામાં આવી રહ્યો છે. આ સાથે જ આયોજકો દ્વારા મંડપ વ્યવસ્થા પણ કર્તવ્ય પાલન અને જવાબદારીના ભાગ રૂપે વધારવામાં આવી છે. શક્ય તમામ વ્યવસ્થા વધારવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે, પરંતુ કથા સ્થળ મર્યાદાને ધ્યાનમાં લઈને સૌ ને વ્યવસ્થામાં સહકાર આપવા વિનમ્ર પ્રાર્થના નિમિત્ત આયોજકો દ્વારા કરવામાં આવી છે. લોકોની સુરક્ષા માટે, તંત્રના સહકાર અને માર્ગદર્શનથી આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ રામકથા સમગ્ર રાજકોટની છે. સદભાવના વૃદ્ધાશ્રમ પરિવાર સમગ્ર રાજકોટની જનતાનો સતત સહયોગ બદલ તેમની ચરણવંદના કરે છે, નમ્રતાભેર ઋણ સ્વીકાર કરે છે. આવો સહકાર સતત મળતો રહેશે તેવી શ્રદ્ધા પણ સદભાવના વૃદ્ધાશ્રમ પરિવાર દ્વારા રાખવામાં આવી છે. કથામાં સેંકડોની સંખ્યામાં એલ. ઇ. ડી સ્ક્રીન મૂકવામાં આવ્યા છે જેથી છેલ્લી હરોળમાં બેઠેલા વ્યક્તિ પણ એ જ સરળતાથી, સહજતાથી, શાંતિથી કથા શ્રવણ અને પૂ. મોરારિ બાપુના દર્શનનો લાભ લઈ શકશે જે પહેલી પંક્તિમાં બેઠેલા વ્યક્તિ કરી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા નિરાધાર, નિઃસંતાન,પથારીવશ,બીમાર વડીલ માવતરના લાભાર્થે ખૂબ આનંદ અને ભક્તિભાવ સાથે પ્રખર રામાયણી પૂ.મોરારિબાપુ દ્વારા, વૃક્ષો અને વડીલોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા ''માનસ સદભાવના'' શરુ થઇ ચુકી છે. આ કથા ૧ ડીસેમ્બર સુધી ચાલશે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ૩૦ એકર જગ્યામાં , ૫૦૦૦ નિરાધાર વડીલોને આજીવન સમાવી શકાય તેવું ૧૪૦૦ રૂમ યુક્ત નવું પરિસર ૩૦૦ કરોડનાં માતબર ખર્ચે બની રહ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમનાં વડીલો અને તેની વૃક્ષારોપણની પ્રવૃત્તિનાં લાભાર્થે આ વૈશ્વિક રામકથા યોજાઈ છે. રામકથા દરમિયાન વડિલોનું માન, પર્યાવરણ જતન અને જીવનમાં વૃક્ષોના મહત્વ અંગેની પણ વાત કરવામાં આવી રહી છે. આ કથા દરમિયાન જે પણ અનુદાન એકત્રિત થશે તે સદભાવના વૃધ્ધાશ્રમની સેવા-સુશ્રુસા, નવા અદ્યતન પરિસરના નિર્માણ અને સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવીને તેનો ૪ વર્ષ સુધી ઉછેર કરવાની પ્રવૃતિના વિકાસ માટે, સમગ્ર ભારતને ગ્રીન કરવા માટે વાપરવામાં આવશે.



## લંડનથી ડોલરભાઈ પોપટ રામકથાનું શ્રવણ કરવા ખાસ પધાર્યા : કન્ઝર્વેટિવ પાર્ટીના બન્યાતા પ્રથમ લોર્ડ

રાજકોટનાં જામનગર રોડ, રામપર ખાતે નિરાધાર, નિઃસંતાન વૃદ્ધો માટે ભારત દેશનો સૌથી મોટો ૭ બિલ્ડીંગ, ૧૧ માળ અને ૧૪૦૦ રૂમનો વૃદ્ધાશ્રમ બનવા જઈ રહ્યો છે. અંદાજિત રૂ.૩૦૦ કરોડના ખર્ચે વૃદ્ધાશ્રમ બનશે. નવા બની રહેલા વૃદ્ધાશ્રમનાં લાભાર્થે પૂ. મોરારિબાપુની વૈશ્વિક રામકથા યોજાઈ છે. જે કોઈ આર્થિક- સામાજિક શ્રમદાન આપ્યું છે તેને વૃદ્ધાશ્રમમાં જે વડીલો આશરો લે તેમના અંતરથી આશીર્વાદ મળે અને દરેક ઓરડામાં ખાલીપો નહિ પણ રાજીપો વ્યક્ત થાય તેવા શુભ ભાવથી આ વૈશ્વિક રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે તેમાં ખાસ લંડન થી જામજોધપુરના વતની લોર્ડ ડોલર પોપટ પધાર્યા છે.

સૌરાષ્ટ્ર કે ગુજરાતની કોઇ વ્યક્તિ કે પરિવાર વિદેશ જાય ત્યાં સ્થાયી થાય, હોટલ-મોટેલ બનાવે અને બિઝનેસમાં એચિવમેન્ટ્સ કરે તો એ વાતની કોને નવાઇ લાગે? સાત સમંદર પાર એવા અનેક દેશો છે જયાં ગુજરાતીતા ગુંજે છે. પરંતુ મૂળ સૌરાષ્ટ્રના એક માણસે બ્રિટનમાં એક એવી સિધ્ધિ મેળવી છે જેની નોંધ લેવી પડે. એ છે લોર્ડ ડોલર પોપટ. જેમના કૂળના મૂળ સૌરાષ્ટ્રના જામજોધપુરમાં છે તેવા આ ડોલરભાઇ તાજેતરમાં જ ઇંગ્લેન્ડની સંસદમાં હાઉસ ઓફ લોર્ડ્સમાં સ્થાન પામ્યા છે અને જો તમે એમ કહેવા માંગતા હો કે લોર્ડ મેઘનાદ દેસાઇ, લોર્ડ ભીખુ પારેખ વગેરે પણ છે જ તો વાત એમ છે કે તે બધા જ ત્યાંની લેબર પાર્ટી સાથે સંકળાયેલા છે. ડોલર પોપટ ઇંગ્લેન્ડની કન્ઝર્વેટિવ પાર્ટીના સૌ પ્રથમ ગુજરાતી લોર્ડ છે. તાજેતરમાં જ તેમના ઘનિષ્ટ મિત્ર અને રાજકોટના જાણીતા ઉદ્યોગપતિ જયંતિભાઈ ચાંદ્રાને ત્યાં રાજકોટમાં આવેલા ડોલર પોપટે કહ્યું કે તેમની પાર્ટીના જે મુખ્યા મુદ્દા છે તેમાં



એક છે ભારત સાથેના સંબંધો વધારે મજબૂત અને ઘનિષ્ટ બનાવવા. લોર્ડ ડોલર પોપટે કન્ઝર્વેટિવ પાર્ટીની તેના એજન્ડાની તો વાત કરી જ પરંતુ રસપ્રદ વાત તો તેમની પોતાની છે. જો માણસ લગન અને મહેનત થી કાંઇ પણ કામ કરે તો ઊંચાઇઓને આંબી શકે. તેનું ઉદાહરણ આ લોર્ડ છે. ડોલર પોપટ કહે છે,હું જે કાંઇ પણ છું તે પૂ.મોરારી બાપૂના આશીર્વાદ અને કૃપાથી છું. વર્ષે ત્રણ ચાર વખત ભારત આવવાનું કારણ પણ તેમના દર્શન કરવાની ઇચ્છા જ હોય છે. જે વ્યક્તિ ઇંગ્લેન્ડની સંસદમાં સ્થાન પામ્યા છએ તેમની જીવનકથા રોમાંચક અને કેટલેક અંશે પ્રેરક છે. લોર્ડ ડોલર પોપટ કહે છે ગુજરાત દેશનું જ નહીં,વિશ્વનું રોલ મોડેલ છે.અહીં લોકોનું જીવન ધોરણ, જીવન શૈલીમાં ગતિશીલ પરિવર્તન આવ્યું છે. હું પહેલીવાર ૨૭ વર્ષની વયે ગુજરાત આવ્યો હતો, ત્યારે ટ્રંકકોલ બુક કરવો પડતો અને હલ્લો...હલ્લો ની બૂમો પાડવી પડતી. આજે ૫૭ વર્ષનો છું, બધું બદલાયેલું જોવું છું. હવે મોબાઇલો જ જોવા મળે છે. અહીંના લોકો વધારે શીખતા જાણતા થયા છે. બ્રિટનના ૨૭ દેશોમાં જેટલા ગ્રેજયુએટ છે તેના કરતાં ભારતમાં ગ્રેજયુએટની સંખ્યા વધારે છે. આગામી દિવસોમાં બેલેન્સ ઓફ પાવર, એટલે કે સત્તાનું સંતુલન પશ્ચિમમાંથી પૂર્વ તરફ શિફ્ટ થશે. અહીં આર્ટ અને હાર્ટની કદર છે. સાધુઓનો આ દેશ છએ તેનું તો ઇશ્વર જ ધ્યાન રાખશે.

ભારત સાથે સંબંધ મજબૂત કરવા તે તેના ઇલેકશન મેનીફેસ્ટોમાં હતું. ગુજરાતીઓ કે ભારતીયોના સ્વભાવ, જીવન, તેમની રીતભાત સાથે આ પક્ષનો મેળ બેસે છે. સામાજિક જવાબદારી, ઇશ્વરમાં શ્રધ્ધા જેવા અનેક લક્ષણો જે ભારતીયોમાં છે તે આ પક્ષની વિચારધારામાં છે. તે ભારતીયો માટેનું નેચરલ હોમ છે. લોર્ડ ડોલરનુ એક પારિવારિક સાહસ છે ટી.સી.એલ. તે હોટલ અને કેરહોમ એટલે કે વૃધ્ધાશ્રમોનુ સંચાલન કરે છે પરંતુ આ ટીએલસી એટલે ટ્રુથ-સત્ય, એલ-લવ, પ્રેમ અને સી-કરૂણા.

આજે ભારતમાં મધ્યમ વર્ગની વસતી ૧૫૦ મિલીયન છે જે ૨૦૩૦માં ૪૦૦ મિલીયન થશે અને તેના માટે મોડર્ન મેડિસિન્સ,એરક્રાફટ એન્જિન્સ,ગ્રીન વ્હીકલ્સ, કોમ્પ્યુટર સોફટવેર્સ, લીગલ સર્વીસીસ જેવી પ્રોડ્કટ-સેવાઓ ઉપલબ્ધ કરાવવા યુરોપ ઉત્સુક છે અને તેમના કહેવા પ્રમાણે તેઓ હવે ત્યાંના ભારતીયો અને અહીંના લોકો માટે ડાયરેકટ કોન્ટેકટ પોઇન્ટ રહેશે. તેમના પત્ની કહે છે, તેઓ દયાવાન, કામ પ્રત્યે પ્રતિબધ્ધ, કેરિંગ, જનરસ અને સિધ્ધાંતવાદી છે.

હા,કામને લીધે અમને ક્યારેક ભુલી જાય છે. તેમનું નામ ડોલર છે તેથી તેમણે દીકરાઓના નામ પણ રાખ્યાં, પાવન, રૂપિન, શિલીન ઉચ્ચાર કરીએ તો ? પાઉન્ડ, રૂપિયા અને શિલીંગ. ત્રણે દિકરા રામાયણ વાંચે છે, ગુજરાતી બોલે સમજે છે લખી શકતા નથી.

# એક પતિનો શંકા કરી ત્રાસ, બીજા પતિનો પત્નિના વિયોગમા આપઘાત

## દામ્પત્ય જીવનની ગાડી પરસ્પર સ્નેહ, વિશ્વાસ, સમજદારીથી આગળ વધેઃ પ્રેમ ખુટે તો આવે માઠુ પરિણામઃ ચોંકાવનારી બે ઘટના સામે આવી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૭**

દામ્પત્ય જીવનમાં અમુક દંપતિઓ વચ્ચે અવાર-નવાર નાની મોટી વાતે કજીયા કંકાસ થતાં રહેતાં હોય છે. પતિ-પત્નિ એક બીજાની સાથે રહી પરસ્પર સહકાર, સ્નેહની ભાવના હોય વિશ્વાસનો સેતુ હોય તો સંસાર જીવન સુખેથી આગળ વધતો હોય છે. પરંતુ જો કજીયા કંકાસ શંકા સહિતના દૂષણો ઘર કરી જાય તો તેનું પરિણામ માઠુ આવતું હોય છે. દામ્પત્ય જીવનના ડખ્ખાના બે કિસ્સા સામે આવ્યા છે. જેમાં એક બનાવમાં ચારિત્ર્ય પર શંકા કરતા પતિએ પત્નિને આજે તો મારી જ નાખવી છે કહી મારકુટ કરી ઘરમાં પુરી દીધી હતી અને પછી સાસરીયામાં જઇને તમારી દિકરી ક્યાંક ભાગી ગઇ છે તેવી વાત કરતાં પોલીસને જાણ કરવામાં આવતાં આ ધોખેબાજ ધણીની કરતુતોનો ભાંડો ફુટ્યો હતો. બીજા બનાવમાં એક યુવાને તેની પત્નિ રિસામણે જતી રહેતાં આપઘાત કરી દુનિયા છોડી દીધી હતી.

પ્રથમ ઘટનાની વ્ગિતો પર નજર કરીએ તો બાપુનગરમાં પત્નિ ઉપર ચારિત્ય અંગે શંકા રાખીને પતિએ તેની સાથે મારામારી કરી હતી અને મકાનમાં પુરી દીધી હતી. ત્યારબાદ પતિ પત્નીની માતાના ઘરે જઈને તમારી દીકરી ભાગી ગઈ છે કહીને ત્યાં પણ તકરાર કરી હતી. એટલું જનહી ઘરે આવીને ફરીથી પત્નીને સાથે મારા મારી કરી હતી પત્નીએ પોલીસ કંટ્રોલમાં ફોન કરતા પતિ ત્યાંથી ભાગી ગયો હતો.

આ બનાવ અંગે બાપુનગર પોલીસે પતિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર અમદાવાદ બાપુનગરમાં ગરીબનગર ચાર રસ્તા પાસે રહેતી મહિલાએ બાપુનગર પોલીસ સ્ટેશનમાં તેના પતિ સામે ફરિયાદ નોંધાવી છે કે મધરાતે પોતે ઘરે હાજર હતી ત્યારે તેનો પતિ આવ્યો હતો અને ચારિત્ય ઉપર શંકા રાખીને ઝઘડો કરવા લાગ્યો હતો.

જો કે પત્નિએ તેને શાંત રહેવાનું કહેતા ઉશ્કેરાઇને પતિએ તેની સાથે મારઝુડ શરૂ કરી હતી આજે તો તને મારી નાખીશ તેમ કહીને ઘરમાં પુરી દીધી હતી. આ રીતે મારકુટ કરી પત્નિને ઘરમાં પુરી દીધા પછી પતિ તેના સાસરીમાં ગયો હતો અને સાસુંને તમારી પુત્રી ભાગી ગઈ છે તેમ કહીને તેમની સાથે પણ ઝઘડો કર્યો હતો અને પરત ઘરે આવીને ફરિથી પત્ની સાથે મારા મારી કરી હતી આ સમયે પત્નિએ પોલીસ કંટ્રોલમાં ફોન કરતા પતિ ઘરેથી ભાગી ગયો હતો.

એક તરફ માવતર પક્ષના લોકો પોતાની દિકરી સાસરેથી નીકળી ગયા બાદ ગૂમ થયાનું સમજી ચિંતાતુર બની તેને શોધવા નીકળી પડ્યા હતાં તો બીજી તરફ પતિએ ફરીથી સાસરિયામાંથી ઘરે પહોંચીને પત્નિને ફરીવાર ધોકાવી નાખી હતી. પોલીસ જ્યારે આ યુવાનના ઘરે તપાસ કરવા પહોંચી ત્યારે તે ગાયબ હતો અને તેની પત્નિ ઘરમાં પુરાયેલી હાલતમાં મળી આવતાં પોલીસે તેની ફરિયાદ નોંધવા તપાસ આરંભી હતી.

બીજી ઘટનાની વિગતો જોઇએ તો આ બનાવમાં એક પતિ તેની પત્નિ વતનમાં જતી રહેતા દુઃખી થઇ ગયો હતો અને દુનિયા જ છોડી દીધી હતી. આ ઘટના ખાંભા તાલુકાના ત્રાકુડાની સીમમા બની હતી. અહિ રહી ખેત મજુરી કામ કરતા યુવકની પત્નિ વતનમા જતી રહેતા ચિંતામા યુવકે ઝેરી દવા પી જીવન ટુંકાવી લીધુ હતુ. યુવકના આપઘાતની આ ઘટના ખાંભા તાલુકાના ત્રાકુડાની સીમમા બની હતી. આ અંગેની પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ, મુળ મધ્યપ્રદેશના પુનીયાવાડના અને હાલ ત્રાકુડામા રમેશભાઇ દુધાતની વાડીએ રહી ખેત મજુરી કામ કરતા મોટલાભાઇ કેમતીયાભાઇ ડાવર કે જેની ઉમર એકત્રીસ વર્ષની છે તેની પત્નિ એકાદ માસ પહેલા તેને મુકીને પોતાના વતન જતી રહી હતી.

પત્નિ પોતાને મુકીને જતી રહી હોવાથી પતિ સતત ચિંતામાં રહેતો હતો અને આ કારણે યુવક સતત ચિંતા કર્યા કરતો હોય ચિંતામા યુવકે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે રેલમબેન વિજયભાઇ તોમરે ખાંભા પોલીસ મથકમા જાણ કરી હતી. આ બનાવની વધુ તપાસ એએસઆઇ બી.એમ.વાળા ચલાવી રહ્યાં છે. આમ બે અલગ અલગ ઘટનામાં એક પતિ તેની પત્નિ માટે ત્રાસરૂપ બની ગયો હતો, તો બીજી ઘટનામાં એક પતિએ પત્નિ મુકીને જતી રહેતાં વિયોગમાં આપઘાત કરી લીધો હતો.

# શ્રી સંઘાણી સ્થાનકવાસી જૈન સંઘ - ગોંડલ, સામૂહિક ઐતિહાસિક ચાતુર્માસ ૨૦૨૪

## ઋણ સ્વીકાર તથા વિદાય સમારોહ સંપન્ન : સંઘાણી સંપ્રદાયનું સામૂહિક ઐતિહાસિક ચાતુર્માસ તપ - જપ આરાધના સાથે સંપન્ન

રાજકોટ, તા. ૨૬

સંઘાણી સંપ્રદાયનું ૨૦૨૪ નું ઐતહાસિક સામૂહિક ચાતુર્માસ ભવ્યાતિ ભવ્ય રીતે સંપન્ન થયું.તેમજ ગોંડલ સંપ્રદાયના દાદા ડુંગર ગુરૂદેવ તેમજ સંઘાણી સંપ્રદાયના નાયક બા.બ્ર. નરેન્દ્રમુની ની અસિમકૃપાથી ચાતુર્માસ વિદાય સમારોહ ગોંડલના પાંચેય સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓ અને પોરબંદર સંઘ , મોરબી પ્લોટ સંઘ , નૂતન ગુરૂદેવ વૈયાવચ્ચ ભવન - રાજકોટ, સત્કાર્ય સેવા સમિતિ ના પ્રયોજક રાકેશભાઈ ડેલીવાળા , નીતિનભાઈ મહેતા તેમજ અન્ય સંઘોના વિવિધ આગેવાનોની હાજરીમા સંપન્ન થયો.

પ્રસંગની શરૂઆતમાં બા.બ્ર. પૂજ્ય જયશ્રીબાઈ સ્વામીએ મંગલાચરણ કર્યું. આ પ્રસંગે બા.બ્ર.હિનાબાઈ સ્વામીએ* આ ૨૦૨૪ ના સામૂહિક ચાતુર્માસ થવા બદલ દરેક સંત - સતીજીઓના સાથ સહકાર શ્રાવક શ્રાવિકાઓની ઉત્કૃષ્ટ ભાવના તેમજ ગોંડલ સંઘના દરેક કારોબારી મેમ્બર્સ ની મહેનત થી શક્ય બન્યું છે.

પરંતુ જયવિજયાબાઈ મહા.ના અંતિરક્ષમાંથી સતત વરસતા આશીર્વાદથી જ આ શક્ય બન્યું છે.

બા.બ્ર. સોનલબાઈ મહા.પણ ફરમાવ્યું કે સાવરણી ની એક સળી થી કાંઈજ ન થાય પરંતુ દરેક સળી ભેગી થાય તો ન ધારેલું ગમે તેવું અઘરું કાર્ય પણ સરળતાથી પાર પડે. તેમજ વિદાયની વસમી વેળાએ વિશેષ દાયજો આપે તેવા ૬ પ્રકારના શ્રોતા બતાવ્યા. બા.બ્ર.માલતીબાઈ મહા. એ ફરમાવ્યું કે ઋણ તો ધરતી , પાવનમાતા,



પિતા ઘણાનો છે. પણ એક દિવસનો ઋણ સ્વીકાર નહીં પણ કાયમ રહે તેવી મનથી કરેલી મહેનત અને ભાવથી કરેલી ભક્તિ કદી નિષ્ફળ રહેતી નથી

બા.બ. સાધનાબાઈ મહા. એ ફરમાવ્યું કે વાત્સલ્ય અને વૈયાવચ્ચ માં આગળ વધજો તેમજ જય- વિજયનો ખીલતો ફુલતો , ફાલતો બગીચો સદા મહેકતો રહે અને બધાનો વિહાર સુખરૂપ થાય તેવી શુભેચ્છા. અંતમાં ગાદીપતિ ગુરૂદેવ પંથકમુની મહારાજ સાહેબે વંકચૂલ ની વાર્તા કહીને પ્રતિજ્ઞામાં અડગ રહેવાનું ઉદબોધન કર્યું , તેમજ દરેક સતીજીઓએ સમગ્ર ચાતુર્માસ દરમ્યાન જતું કરીને અનુકૂળતા ગુમાવીને ખુબજ મોટું યોગદાન આપ્યું છે તે બદલ તેમની પ્રસંશા કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મેહુલભાઈ રવાણીએ તેમની આગવી શૈલીમાં કરેલ તેમજ તેમની નમ્રતા અને દરેક પ્રત્યે પોતાનો ઋણ ભાવ પ્રગટ કરીને કાર્યક્રમની શોભા વધારેલ દરેક હાજર રહેલ દાતાશ્રીઓ, મહાનુભાવોનું માનભેર આદરપૂર્વક સન્માન કરાવીને તેમની કુશળતાનો પરિચય કરાવ્યો.

તેમજ તેમના જૂના માલવિયા નગરના મિત્રોને પણ સ્ટેજ પર બોલાવી આનંદ વ્યક્ત કર્યો

તેમજ આ પ્રસંગે સંપ્રદાય પ્રમુખ અશોકભાઈ કોઠારી એ તેમના વક્તવ્યમાં દરેક દાતાશ્રીઓને વ્યક્તિગત રીતે યાદ કરી ને તેમની ભાવનાને બિરદાવી અને ઋણ સ્વીકાર કર્યું. તેમજ આ દ્રવ્ય દાન ઉપરાંત શ્રમ દાન, સેવા દાન, વૈયાવચ્ચ દાન , અનુમોદના દાન , અને સૌથી છેલ્લે અને મોટું દાન નડતર દાન ની વાત કરી ને જણાવેલ કે આ દાન સૌથી મોટું છે પરંતુ તેમનું બહુમાન ન કરાય તેમજ દરેક સેવાભાવી ડોકટર ને વ્યક્તિગત યાદ કરીને તેમની પ્રશંશનીય સેવાને યાદ કરીને વંદન કર્યા.

અને અંતમાં આ વિહાર કહો કે વિદાય સમારોહમાં ગોંડલમાં પ્રથમ વખતજ સરસ મજાની નવકારશી જમણ કરાવીને યશ કલગી લગાડવા બદલ સ્વ. કાંતિલાલ છગનલાલ શેઠ પરિવારનો અંતઃ કરણ પૂર્વક સમગ્ર કમિટી વતી આભાર માન્યો . અંતમાં કમલેશભાઈ સંઘાણીએ આભાર વ્યક્ત કરી ઋણ સ્વીકાર કર્યો.

### ડિજીટલ એરેસ્ટ કરવાની ઘટનાઓ સામે ચેતવાના પ્રયાસો વચ્ચે વધુ એક કિસ્સો નોંધાયો

# બિલ્ડરને ડરાવી ધમકાવી ટોળકીએ એક કરોડ પડાવી લીધા

## ડિજીટલ એરેસ્ટ થયાની શંકા ઉપજતાં તેમણે એકાઉન્ટ ફ્રીઝ કરાવતાં ગઠીયાઓએ વેરીફીકેશનના નામે ફોન કરી ફ્રોડ આચરી લીધુંઃ બીજા બે કિસ્સામાં મહિલા સહિત બે લોકોએ શેર બજારમાં કમાણીના નામે ૧ કરોડ ગુમાવ્યા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૭**

અલગ અલગ આરોપી મુકી ડિજીટલ એરેસ્ટ કરી લાખો કરોડો રૂપિયા પડાવતી સાયબર ક્રાઇમ આચરતી ટોળકીએ પોતાના શિકાર કરવાનું ચાલુ જ રાખ્યું છે. હવે એક બિલ્ડરને ડિજીટલ એરેસ્ટ કરી એક કરોડ રૂપિયા પડાવી લેવાયા છે. તેમનું એકાઉન્ટ ફ્રીઝ કરાયું તો વેરીફીકેશનના નામે ફોન કરી છેતરપીંડી આચરી લીધી હતી. પાર્સલમાં ડ્રગ હોવાની સાથે કરોડોના ગેરકાયદે વ્યવહારનો તમારા પર કેસ છે તેમ કહી બિલ્ડરને ફસાવાયા હતાં. બીજા એક ફ્રોડમાં એક મહિલા સહિત બે લોકોને શેર બજારમાં રોકાણના નામે ફસાવી એક કરોડમાં છેતરી લેવાયા છે.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો નારણપુરા વિસ્તારમાં રહેતા એક બિલ્ડરે ફેડેક્સ કુરિયરના પાર્સલમાં ડ્રગ્સ, પાસપોર્ટ જેવી શંકાસ્પદ ચીજવસ્તુઓ મોકલી હોવાથી ગુનો નોંધ્યો હોવાનું કહીને એનસીબીના નામે વિડીયો કોલ કરીને ગઠિયાઓએ બિલ્ડરને સતત ત્રણ દિવસ ડીજીટલ એરેસ્ટ કરીને ૧.૦૫ કરોડની રકમની છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ સાયબર ક્રાઇમ સેલમાં નોંધવામાં આવી છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે બિલ્ડરને શંકા જતા તેણે સાવચેતીના ભાગરૂપે પોતાનું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવ્યું હતું. તેમ છતાંય, ઓનલાઇન છેતરપિંડી કરતી ગેંગના માણસોએ વેરિફીકેશનનું કહીને તેમની પાસેથી માતબર રકમ પડાવી લીધી હતી.

વધુ માહિતી અનુસાર શહેરના નારણપુરામાં આવેલી શીવ સંકલ્પ સોસાયટીમાં રહેતા ત્રેપન વર્ષીય કેતનભાઇ પટેલ બિલ્ડીંગ કન્સ્ટ્ક્ર્શનનો વ્યવસાય કરે છે. ગત ત્રીજી જુલાઇના રોજ તેમને ફેડેક્સ કુરિયરથી ફોન આવ્યો હતો કે કેતનભાઇ પટેલના નામે એક પાર્સલ ઇરાન જતુ હતું. જેમાં પાસપોર્ટ, ડેબિટ કાર્ડ



અને એમડી ડ્રગ્સ છે. આ સદર્ભમાં મુંબઇ નાકાટીક્સની અંધેરી સ્થિત ઓફિસમાં ગુનો નોંધાયો છે. આ માટે તમારે મુંબઇ હાજર થવુ પડશે અથવા ઓનલાઇન સ્ટેટમેન્ટની સાથે તપાસમાં સહયોગ આપવો પડશે. જો કે કેતનભાઇ કોઇ પાર્સલ મોકલ્યુ ન હોવાનું જણાવતા તેમને આ નિવેદન લખાવવાનું કહીને સ્કાય પેથી વિડીયો કોલ કરીને કહ્યું હતું કે તમારા નામે દેશમાં અલગ અલગ બેંકોમાં કરોડો રૂપિયાના ગેરકાયદેસર વ્યવહારો પણ થયા છે. જેથી કેતનભાઇને શંકા જતા તેમણે સાવચેતીના ભાગરૂપે કોલ કરીને તેમનું બેંક એકાઉન્ટ ફ્રીઝ કરાવ્યું હતું.

જો કે ગઠીયા એક ડગલુ આગળ રહ્યા હતાં. બીજી તરફ કોલ કરનાર કહેવાતી પોલીસે બીજા દિવસે સવારે વિડીયો કોલથી વધુ પુછપરછ કરવાનું કહ્યું હતું. બીજા દિવસે એક અન્ય અધિકારીએ વિડીયો કોલ કરીને જણાવ્યું હતું કે આરબીઆઇના વેરિફીકેશન માટે તમારા બેંક એકાઉન્ટમાં રહેલા નાણાં તપાસવાના હોવાથી એક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરો. પરંતુ, કેતનભાઇ નાણાં ટ્રાન્સફર ન કરતા તેમને રાતના ૧૧ વાગ્યા સુધી વિડીયો કોલથી ડીજીટલ એરેસ્ટ રાખ્યા હતા. તેમ છતાંય, ફરીથી ત્રીજા દિવસે વિડીયો કોલ કરીને તેમના આર્થિક વ્યવહાર ચેક કરવાનું કહીને તેમના એકાઉન્ટમાં રહેલા ૧.૦૯ કરોડ અન્ય ખાતામાં ટ્રાન્સફર કરવાનું કહેતા કેતનભાઇ પાસે વિડીયો કોલ ચાલુ રખાવીને બેંકમાંથી આરટીજીએસથી રૂપિયા ૧.૦૫ કરોડ અન્ય ખાતામાં ટ્રાન્સફર કરાવીને વેરીફિકેશન બાદ પરત કરવાનું કહીને ફોન કટ કરી દીધો હતો. જો કે ત્યારબાદ નાણાં પરત ન આવતા કેતનભાઇને છેતરપિડી થયાનો ખ્યાલ આવ્યો હતો. આ અંગે સાયબર ક્રાઇમ સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

બીજા બનાવમાં શેરબજારમાં રોકાણની સામે અનેક ગણો પ્રોફિટ લેવા જતા પ્રતિદિન અનેક લોકો કરોડો રૂપિયા ગુમાવે છે. ત્યારે અમદાવાદમાં રહેતી એક મહિલા સહિત બે વ્યક્તિઓને રોકાણની સામે સારા વળતરની ખાતરી આપીને રૂપિયા એક કરોડ જેટલી રકમ પડાવી લેવામાં આવી હોવાની ફરિયાદ સાયબર ક્રાઇમ સેલમાં નોંધવામાં આવી છે. અમદાવાદ શહરેના પાલડીમાં આવેલી સુરજકુંજ સોસાયટીમાં રહેતા સડસઠ વર્ષીય અજયભાઇ ઠાકરને થોડા મહિના પહેલા વોટ્સએપ પર એક મેસેજ આવ્યો હતો. જેમાં શેરબજારમાં શેરબજારમાં રોકાણની સામે સારા વળતરની ટીપ્સ આપવામાં આવતી હતી. જેથી વિશ્વાસ કરીને તેમણે એકાઉન્ટ ખોલાવ્યા બાદ વિવિધ આઇપીઓ અને સ્ક્રીપ્ટમાં ૭૪.૬૬ લાખ જેટલી રકમનું રોકાણ કર્યું હતું. આ રોકાણની સામે તેમને એકાઉન્ટમાં સારો નફો જોવા મળ્યો હતો. તેની સામે માત્ર ૧૨ હજાર જ પરત આવ્યા હતા. જ્યારે અન્ય નાણાં ગઠિયાઓએ પડાવીને પરત આપ્યા નહોતા. અન્ય બનાવમાં જીવરાજ પાર્ક વિસ્તારમાં આવેલી નીલકમલ સોસાયટીમાં રહેતા ચૈતાલીબેન દેસાઇને શેરબજારમાં રોકાણની સામે સારા નફાની માહિતી આપતા એક વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા. જેમાં અનેક લોકોને ફાયદો થતો હોવાથી ચૈતાલીબેને એકાઉન્ટ ખોલાવીને ચાર મહિનમાં ૧૨૦૦ ટકા પ્રોફિટ અપાવવાનું કહીને ૨૭ લાખ જેટલી રકમનું રોકાણ કરાવીને પરત આવ્યા નહોતા. આ બંને ફરિયાદ નોંધીને સાયબર ક્રાઇમ સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. આમ ઠગાઇના વધુ આ નવા કિસ્સા સામે આવ્યા હતાં.

# JMJ ગ્રુપના મયુરધ્વજસિંહ જાડેજાનો જન્મ દિવસ ધામધૂમથી ઉજવાયો

## જરૂરિયાતમદોના જીવનને જ નહીં પણ ભાગ્યને બદલવાની જવાબદારી સહર્ષ નિભાવતા મયુરધ્વજસિંહ જાડેજા

રાજકોટ મિરર, તા.૨૬

શહેરનાના જાણીતા બિલ્ડર, જેએમજે ગ્રુપના સ્થાપક અને ચેરમેન મયુરધ્વજસિંહ જાડેજાનો આજે મંગળવારે જન્મ દિવસ હતો. પોતાનો સેવાનો ધ્યેય સુપેરે પાર પાડીને આજે તેઓનો જન્મદિવસ ધામધુમથી ઉજવાયો હતો.

પોતાના જન્મ દિવસ નિમિતે પોતાની જીવન શૈલી, સેવાની ભાવના અને જરૂરીયાતમંદો, દીકરીઓ અને વિદ્યાર્થીઓને સતત મદદ કરવાની ખેવના ધરાવનાર મયુરધ્વજસિંહ જાડેજાએ ''રાજકોટ મિરર''સાથે વાત કરતા જણાવ્યું હતું કે, જ્યારે કોઈ સમાજમાં સમસ્યા ઊભી થાય છે, ત્યારે લોકો તેના વિશે વાત કરતા હોય છે, પરંતુ વાત કરનારા લોકો તેનો ઉકેલ શોધવાનું કયારેય વિચારતા નથી. મોટાભાગના લોકો સમસ્યાને ઉકેલવામાં પોતાની કોઈ જ જવાબદારી અનુભવતા નથી.

પરંતુ રાજકોટ શહેરમાં એવા એક વ્યક્તિ છે જે સમસ્યા વિશે ચર્ચા કરવામાં નહીં પરંતુ તેનો ઉકેલ લાવવામાં માને છે. જેમણે પરિવર્તન લાવવા કે નવી શરૂઆત કરવા માટે બીજા કોઈની રાહ જોઈ નથી. તેઓએ પોતે જ પરિવર્તન કરવાનું નકકી કર્યું અને આજે તેમનું નામ રાજકોટ શહેરમાં જ નહીં બલ્કે દેશ-વિદેશમાં છે.

સેવાના પર્યાપ અને આદર્શ એવા રાજકોટના મયુરધ્વસિંહ જાડેજાના નામથી કોઈ અજાણ નથી. મયુરધ્વજસિહ જાડેજા સફળ બિઝનેસમેન, સમાજસેવક અને સફળ બિલ્ડર છે. આજે ૨૬ મી નવેમ્બર તેમનો જન્મ દિવસ હતો. ત્યારે દેશ -વિદેશથી તેમને શુભકામનાઓ મળી હતી. મયરધૃજસિહ જાડેજા એવા વ્યકિત છે જે સમાજના દરેક વર્ગ માટે કઈક કરવા માંગે છે. જેથી તેઓ આગળ આવે અને તેમનો પણ ગ્રોથ થાય અને સૌથી મહત્વનું કે પોતાના સેવા કાર્યોના બદલામાં તેઓ સામેના પક્ષેથી કોઇ જ અપેક્ષા રાખતા નથી. મયુરધ્વજસિંહ જાડેજા ખરા અર્થમાં સામાજિક સાહસિક છે.

મયુરધ્વજસિહ જાડેજા રાજકોટનં જાણીતું નામ છે. તેઓ સફળ બિઝનેસમેન, બિલ્ડર અને સમાજ સેવક છે. તેમનામાં પહેલાથી જ લોક કલ્યાણની ભાવના હતી જેને સાકાર કરવા માટે તેમણે જે.એમ.જે ગૃપની સ્થાપના કરી. જે.એમ.જે ગૃપનું એક જ ધ્યેય છે કે દીકરીઓની, જરૂરીયાતમંદોની અને વિદ્યાર્થીઓની મદદ અને સેવા કરવી. તેઓએ અનેક બાળકોને પ્રધાનમંત્રી વીમા કવચ હેઠળ આવરી લઈ તેમના પ્રીમિયમ ભરવાની જવાબદારી સ્વીકારી છે. ટુંકમાં કહીએ તો છેલ્લા ઘણા વષોથી મયરધૃજસિંહ જાડેજા રાજકોટના અનેક જરૂરીયાતમંદોના જીવનને જ નહીં પણ ભાગ્યને બદલવાની જવાબદારી લીધી છે.




### મયુરધ્વજસિંહ જાડેજા યુવાનો માટે આદર્શઃ સફળતાના શિખરે પહોચ્યા પછી પણ સેવાને પ્રાધાન્ય આપવું એ જ જીવનમંત્ર

### અમદાવાદ, મુંબઈમાં પણ JMJ ગ્રૂપના પ્રોજેક્ટ અવ્વલ નંબરે

જેએમજે ગૃપના પ્રોજેક્ટ માત્ર રાજકોટમાં જ નહીં અમદાવાદ અને મુંબઈ જેવા મહાનગરોમાં પણ લોકપ્રિય છે. અમદાવાદની વાત કરીએ તો અહીં વેરહાઉસ, લોજીસ્ટીક પાર્કમાં ઓફિસ પાર્કિંગ, વેબ્રીજ, કોમર્સિયલ કોમ્પલેક્ષ, હાઈ કમ્પાઉન્ડ વોલ સહિતની સુવિધા અમલી બનાવાઈ છે. મયૂરધ્વજસિંહ જાડેજાએ મુંબઈ, ખાતે પણ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ હાથ ધર્યા છે. એટલુજ નહીં સોલાર એનર્જી ક્ષેત્રે જેએમજે ગૃપ અગ્રેસર છે. જે અંતર્ગત મહારાષ્ટ્રના ભિવંડીમાં ૧૨.૫ મેગાવોટના સોલાર પ્લાંટ થકી સિપ્લા અને અન્ય મલ્ટીનેશનલ કંપનીઓને જેએમજે ગૃપ પાવર કોપરિશન પાવર પુરો પાડી મહારાષ્ટ્ર સોલાર પાવર પ્રોજેક્ટમાં પણ યોગદાન આપે છે. જેએમજે ગૃપે ફક્ત મહારાષ્ટ્રમાં જ નહીં એમપી, તમીલનાડુમાં પણ સોલાર પ્રોજેક્ટ હાથ ધર્યા છે.

### દેશ-વિદેશમાં રાજકોટનું નામ રોશન કરતા મયુરધ્વજસિંહ

રાજકોટના જેએમજે ગૃપના સ્થાપક અને સીએમડી મયુરધ્વજસિટ જાડેજા વિવિધ વ્યવસાયો સાથે સંકળાયેલા છે. સેવાકીય પ્રવૃત્તિઓમાં મોખરે રહેનાર મયુરધ્વજરસિંહ જાડેજા રિયલ એસ્ટેટ, ટેક્સટાઈલ, એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લોજિસ્ટિક, ઈમ્પોર્ટ-એક્સપોર્ટ અને ફિલ્મ પ્રોડકશન સહિતના સફળ વ્યવસાય ચલાવી રહ્યા છે. આ ક્ષેત્રે પણ તેઓ નંબર વન છે. તેમણે પોતાની બિઝનેસની આવડતથી રાજકોટના નામનો ડંકો દેશભરમાં જ નહીં વિદેશમાં પણ વગાડયો છે. સેવા અને બિઝનેસ ક્ષેત્રે યુવા વયમાં અને ઓછા સમયમાં અસાધારણ ઉપલબ્ધિ મેળવવા બદલ મયુરધ્વજરસિંહનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સન્માન પણ કરવામાં આવ્યું છે.

### દીકરીઓના આશીર્વાદથી સંતોષ થાય તે અમૂલ્ય છેઃ મયુરધ્વજસિંહ જાડેજા

જેએમજે ગ્રુપના સ્થાપક મયુરધ્વજસિંહનું નામ આવે એટલે અનેક દીકરીઓના અંતરથી આશીર્વાદ નીકળે. કારાણ કે અત્યાર સુધીમાં તેઓએ અનેક દીકરીઓના ધામધૂમથી લગ્ન કરાવી સાસરે વળાવી છે. સમુહલગ્ન પણ એવા કે દેશ-વિદેશમાં તેની ચર્ચા થાય. મજુરધ્વજસિંહને આ કાર્યમાં તેમના પત્ની અને પરિવારજની સહયોગ કરે છે. તેમાણે આર્થિક રીતે નબળી પરિસ્થિતિ ધરાવતા પરિવારની દીકરીઓના સમુફલગ કરાવવાની શરૂઆત વર્ષ ૨૦૧૯રી કરી હતી. જે કાર્ય દર વર્ષે અવિરત પણે ચાલે છે. તેઓ અત્યાર સુધીમાં અનેક દીકરીઓના સંપૂર્ગકરિચાવર સાથે તેમના જાજરમાન લગ્ન કરાવી તેમને સાસરે વળાવી ચૂકવા છે. ખાસ વાત એ છે કે તેમણે પોતે પણ સમૂહલગ્નમાં જ લગ્ન કરી અનોખું ઉદાહરણ પરું પાડયું છે. મયુરધ્વજસિંહના જન્મદિવસ નિમિત્તે આજે આખો દિવસ તેઓ પર શુભકામનાઓનો ધોધ વરસ્યો હતો અને હિતેચ્છુઓએ તેઓ આ રીતે જ સફળતાના શિખરો સર કરતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

### પિતા પાસેથી પ્રત્યેક કાર્ય, સેવા દિલથી કરવાની મળી પ્રેરણા

મયુરધ્વજસિંહ જાડેજા સેવા કાર્ય કરે કે બિઝનેસ, તેમાં તન, મન, ધનથી મહેનત કરવામાં અને સતત આગળ વધવામાં માને છે. આ પ્રેરણા તેઓને તેમના પિતાશ્રી તરકથી મળી છે. તેઓના પિતા એમ. બી. જાડેજા પીજીવીસીએલના પૂર્વ જોઈન્ટ મેનેજિંગ ડિરેકટર રહી ચૂક્યા છે. એમ.બી. જાડેજા જ્યારે પીજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર પદે કાર્યરત હતા ત્યારે તેમની કામગીરી એટલી ઉત્કૃષ્ટ રહી હતી કે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ નોકરી પૂરી થતાં ત્રણ વખત એક્સટેન્શન આપ્યું હતું. સેવાકાર્યો માટે મૈસુર કર્ણાટક)ના સાંસદ સભ્ય યાદુવીર કિષ્તાદત્તા ચામરાજા વાડિયાર ઓફ મૈસુર, યુ.પી.ના રાષ્ટ્રીય અધ્યક્ષ કુંવર રઘુરાજપ્રતાપસિંહજી ભદરી તેમજ રાજકોટના ઠાકોર સાહેબ માંધાતાસિંહજી જાડેજા દ્વારા ગ્રુપના મેનેજીંગ ડિરેક્ટર મયૂરદવજસિહ જાડેજા (પડાણા)નું સન્માન કરાયું હતું. રાજકોટ ગરાસિયા છાત્રાલયમાં એક માળમાં નવા રૂમ વધારવા ૧.૨૫ કરોડનું અનુદાન પણ મયૂરધ્વાજસિહએ આપેલું છે.

## દારૂની ૨૪ બોટલ સાથે રમેશ સાગઠીયા ઝડપાયો

### ૧.૫૯ લાખનો કાર સહિતનો મુદ્દામાલ કબજે

રાજકોટ મીરર, તા. ૨૬

કુવાડવા રોડ પોલીસે બાતમીના આધારે દારૂની ૨૪ બોટલ લઈને નીકળેલા એક શખ્સને કાર સાથે પકડી પાડીને રૂપિયા ૧, ૫૯, ૭૦૦ નો મુદ્દામાલ કબજે કરી તપાસ શરૂ કરી છે.

બનાવની મળતી વિગતો મુજબ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે માલિયાસણ ગામ પાસે પહોંચતા પોલીસને બાતમી મળી હતી કે ખરેડી ગામથી રફાળા ગામ તરફ જવાના રોડ ઉપર સાઈડમાં એક ગ્રે કલરની કાર ઉભી છે અને તેમાં વિલાયતી દારૂનો જથ્થો પડ્યો છે.



બાતમી પરથી પોલીસે તે જગ્યાએ ત્રાટકીને જીજે ૦૩ એમબી ૮૭૧૧ નંબરની કારની તલાશી લેતા તેમાંથી રૂપિયા ૯૨૦૦ની કિંમતની દારૂની ૧૨ બોટલ મળી આવી હતી પોલીસે આ તકે કારના ચાલક રમેશ ભાણજી સાગઠીયા (રહે. દેવકીનંદન સોસાયટી, માનસરોવર પાર્કની પાસે આજીડેમ ચોકડી વિસ્તાર) ને ધરપકડ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે કરાયેલા બાંધકામો દૂર કરાવતું જિલ્લા વહીવટી તંત્ર

### અંદાજિત રૂ ૭ કરોડથી વધુની કિંમતની ૧૫૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન ખાલી કરાવાઈ

રાજકોટ મિરર, તા.૨૬

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સરકારી ખરાબાની જમીન ઉપર ગેરકાયદે બાંધકામ કરાયેલા કોમર્શિયલ બાંધકામોનું ડિમોલેશન કરીને જગ્યાઓ દબાણમુક્ત કરવામાં આવી રહી છે.

રાજકોટ શહેરના પૂર્વ વિસ્તારના રેવન્યુ સર્વે નંબર ૬૦૯ પૈકી ટી.પી.સ્કીમ નંબર ૨૩ના એફ.પી. નંબર ૩૪/૨ પર આવેલ અંદાજિત બજાર કિંમત રૂ. ૭.૫ કરોડની ૧૫૦૦ ચો.મી. થી વધુ જગ્યામાં ખેતલાઆપા ટી સ્ટોલ, ખેતલાઆપા પાન સેન્ટરનુ પાકી દુકાન અને ચા માટે પાકું બાંધકામ




તેમજ બાલાજી સીઝન સ્ટોર નામે ચાલતો ટેમ્પરરી સ્ટ્રક્ચરનુ દબાણ દૂર કરવામાં આવ્યું છે.

આ જમીન બાબતે તલાટી ધારાબેન વ્યાસ અને સર્કલ ઓફિસર સત્યમ શેરસીયા દ્વારા તા ૧૬ નવેમ્બરના રોજ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાની નોટિસ આપવામાં આવી હતી. દબાણકર્તાઓ દ્વારા બાંધકામ દૂર ન કરાતા આજરોજ મામલતદાર એસ.જે. ચાવડાની ટીમ દ્વારા પ્રદ્યુમનનગર પી.એસ.આઇ. જાનકીબા જાડેજાની હાજરીમાં દબાણ દૂર કરવામાં આવ્યું હતું. તેમ કલેક્ટર , રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ તકે મામલતદાર એસ. જે.ચાવડાએ કહ્યું, આ જગ્યાના દબાણકર્તાઓને અગાઉ પણ નોટીસ પાઠવવામાં આવી હતી. અનઅધિકૃત કબ્જો ખાલી કરવા ૭ દિવસનો સમય આપવામાં આવ્યો હતો પરંતુ તેઓએ ધ્યાને ન લેતા ગેરકાયદે થયેલા બાંધકામોને ખાલી કરવા ડિમોલેશન હાથ ધરવામાં આવ્યું છે. ખાલી કરાયેલી જમીન પર ફરીવાર દબાણ ના થાય તે માટે આ જમીનના ફરતે ફેન્સિંગ કરવામાં આવશે.

## દારૂની ૨૦૪ બોટલ સાથે રાણા શામળા પકડાયો

### પીસીબી પોલીસે હરીનગર મેઈન રોડ પર પાડ્યો દરોડો

રાજકોટ મિરર, તા.૨૬

શહેરના હરીનગર મેઈન રોડ પર નિલકંઠ નગરમાં પીસીબીની ટીમે દરોડો પાડી મકાન અને કારમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. રૂા. ૫૭,૬૦૦ની કિંમતની ૨૦૪ બોટલ દારૂ સાથે બુટલેગરની ધરપકડ કરી હતી.

મળતી વિગતો મુજબ પોલીસ કમિશનરના સિદ્ધા માર્ગદશન હેઠળ કાર્યરત પીસીબીના પીઆઈ એમ.આર. ગોંડલિયાની ટીમના પીએસઆઈ એમ.જે. હુણ સહિતના સ્ટાફે બાતમીના આધારે હરિનગર મેઈન રોડ પર નિલકંઠ નગરમાં આવેલ એક મકાન અને કારમાંથી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો.



જીજે ૧ આરસી ૫૬૯૭ નંબરની કાર અને મકાનમાંથી રૂા. ૫૭,૬૦૦ની કિંમતની ૨૦૪ બોટલ દારૂ અને કાર સહિત ૩.૯૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી મુળ પોરબંદરના અને હાલ નિલકંઠ નગરમાં જીબી.૭ સ્ટોરી એપાર્ટમેન્ટમાં રહેતા રાણાભાઈ ફોગાભાઈ શામળાની ધરપકડ કરી હતી. આ દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો તે બાબતે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. પીસીબીના પીઆઈ એમ.આર. ગોંડલિયા સાથે પીએસઆઈ એમ.જે. હુણ અને તેમની ટીમે કામગીરી કરી હતી.



# ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળા જીત પાબારી સામે અંતે દુષ્કર્મનો ગુન્હો

### ૨૦૧૪ના વર્ષમાં ફેસબુકના માધ્યમથી યુવતીનો સંપર્ક કર્યા બાદ તેને લગ્નની લાલચ આપી વારંવાર દુષ્કર્મ ગુજારી તરછોડી દઇ બીજે લગ્ન કરી લીધાનો ભોગ બનનારનો સનસનીખેજ આક્ષેપ : પોલીસ કમિશનરને સંબોધી લખાયેલી અરજી બાદ ગુન્હો નોંધાયો

રાજકોટ મિરર, તા.૨૬

રાજકોટ પોલીસ કમિશનર કચેરીમાં ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળા સામે દુષ્કર્મના આક્ષેપ સાથેની ભોગ બનનાર યુવતીએ અરજી કરતાં ખળભળાટ મચી ગયો હતો. જે તે સમયે ગુન્હો નોંધવા અનેક પ્રયાસો થયા હતા પણ અંતે કાયદો, કાયદાનું કામ કરે તે મુજબ આજે જીત પાબારી સામે દુષ્કર્મનો માલવિયાનગર પોલીસમાં (એફ. આઈ.આર.૯૮૬) ગુન્હો નોંધાતા શહેરભરમાં ચકચાર જાગી છે.

પીડિત યુવતીએ પોલીસ કમિશનર કચેરીમાં આગાઉ કરેલી અરજીમાં કાલાવડ રોડ પર નૂતનગર શેરી નં.૬માં રહેતા ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળા જીત રસિક પાબારી, સામે દુષ્કર્મનો તેમજ વિશ્વાસઘાત, છેતરપિંડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધવા માગણી કરી હતી. ભોગ બનનાર યુવતીએ અરજીમાં જણાવ્યું હતું કે, વર્ષ- ૨૦૧૪માં જીત સાથે ફેસબુકમાં સંપર્ક થયો હતો. સાથે ભણતા હોવાથી ગાઢ મિત્રતા થઇ હતી. જીત પાબારીએ લગ્નની લાલચ આપી હંતી. ૮ ઓક્ટોબર-૨૦૨૨ના રોજ જીતના માતા-પિતાની સહમતીથી અમારી ગોળધાણાની વિધિ થઈ હતી.

આ બાદ ૨૭-૧-૨૦૨૨ના રોજ રીતિ-રિવાજ મુજબ સગાઈ થઈ હતી. આ સગાઈ થયા બાદ પીડિતા અને જીત બહારગામ પણ ફરવા જતા હતા. સગાઈ બાદ કૌટુંબિક ફંકશનમાં પીડિતા જીત સાથે દુબઈ પણ ગઇ હતી. લગ્ન કરવાના હોવાથી શારીરિક સંબંધ બાંધવા જીતે ઈચ્છા વ્યક્ત કરી હંતી ત્યારે મેં ના પાડી હતી. ત્યાર બાદ સિઝન હોટેલમાં ફંક્શન દરમિયાન સાથે બળજબરીનો પ્રયાસ કર્યો હતો. જો કે મહેમાનો વધુ હોવાથી મારા પરિવારજનોને જાણ કરી નહોતી. પછી દિવાળીના સમયે પીડિતા ઘરે ગઈ ત્યારે હું તારી સાથે લગ્ન કરવાનો જ છું' કહી બળજબરીથી બળાત્કાર કર્યો હતો.

આ સમયે મારા ફોટા અને વીડિયો મોબાઈલમાં ઉતારી લેતાં હું ડરી ગઈ હતી. જીત કહેતો એમ જ હું કરતી હતી. આ પછી પણ મારા પરિવારજનો બહારગામ ગયા હોય ત્યારે વીડિયો વાયરલ કરવાની ધમકી આપી મારી ઉપર બીજી વખત બળાત્કાર ગુજાર્યો હતો. આ અંગે મેં જીતના માતા-પિતાને વાત કરી હતી. જીતના માતા-પિતાએ આ વાત કોઇને કહીશ નહીં, સમાજમાં બદનામી થશે. તમારી સગાઇ થઈ ગઇ છે એટલે લગ્ન પણ કરી દેશું કહી મને વિશ્વાસમાં લીધી હતી. આ બાદ જીતે યુવતી ફરવા ગઈ ત્યારે મોબાઈલમાંથી ફોટોગ્રાફ્સ અને વીડિયો ડિલિટ કરી નાખી પુરાવાનો નાશ કર્યો હતો.

દરમિયાન મારી જાણ બહાર ૧૫ દિવસ પૂર્વે ક્રિકેટર ચેતેશ્વર પૂજારાએ તેના સાળાના બીજી યુવતી સાથે લગ્ન પણ કરાવી દીધા હતા. જે અંગે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ આપી હતી પોલીસ કોઈ પણ પ્રકારે ગુન્હો નોંધાવા તૈયાર થતી ન હતી. દરમિયાન આજે માલવિયા નગર પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. ૯૮૬ થી પીડિતાની ફરિયાદ પરથી જીત રસિક પાબારી સામે દુષ્કર્મ સહિતનો ગુન્હો નોંધાતા પોલીસે જીતની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે.

### કાયદો વ્યવસ્થાના લીરા ઉડાવતી વધુ એક સરજાહેર બટાઝટીની ઘટનાઃ ખુલ્લેઆમ ધોકા ઉડ્યા

# મુંજકાના જમીન મકાનના ધંધાર્થીને ધોકાવી કારમાં તોડફોડ

## કાલાવડ રોડ એમજી હોસ્ટેલ પાસે જીતેશ મકવાણાની ફોર્ચ્યુનરને કીયા કારમાં આવેલા જયદેવ અને ભત્રીજા નવઘણે આંતરી ધોકાવાળી કરીઃ જીતેશે અગાઉ જયદેવની હોટલ ભાડેથી રાખી હતીઃ તેના હિસાબના પૈસા મામલે થઇ માથાકુટઃ તાલુકા પોલીસે એફઆઈઆર દાખલ કરી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૭**

શાંત અને રંગીલા શહેર રાજકોટને જાણે કોઇકની નજર લાગી ગઇ હોય તેમ રોજબરોજ સરાજાહેર બઘડાટી, હુમલા, હત્યા કે હત્યાની કોશિષના બનાવો બનતા રહે છે. કાયદો વ્યવસ્થાની પરિસ્થિતીને પડકાર ફેંકી વધુ એક ઘટના સામે આવી છે જેમાં કાલાવડ રોડ પર એમજી હોસ્ટેલ પાસે મુંજકા ચોકડીએ રહેતાં જમીન મકાનના ધંધાથીની ફોર્ચ્યુનરને મુંજકાના જ કાકા ભત્રીજાએ નંબર વગરની કીયા કારથી આંતરી ધોકાવાળી કરી કારના કાચ ફોડી નાખી જમીન મકાનના ધંધાર્થીને પણ ધોકાવીને ધમકી આપી હતી. બનાવને પટલે લોકોના ટોળા એકઠા થઇ ગયા હતાં. હોટલના ભાડાના રૂપિયા મામલે આ ડખ્ખો થયાની વિગતો પોલીસ તપાસમાં ખુલી હતી. તાલુકા પોલીસે હુમલાખોરો સામે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

સરજાહેર હુમલાની આ ઘટના પર નજર કરીએ તો આ બનાવમાં તાલુકા પોલીસે મુંજકા ચોકડી ૧૫૦ ફુટ રીંગ રોડ પર ડો. શ્યામાપ્રસાદ મુખર્જી આવાસ યોજના ક્વાર્ટર સી-૧૦૪માં રહેતાં અને જમીન મકાન લે-વેંચનો ધંધો કરતાં એકતાલીસ વર્ષના જીતેશભાઇ નાગદાનભાઇ મકવાણાની ફરિયાદ પરથી મુંજકાના જયદેવ દેવરાજભાઇ જાદવ અને નવઘણ વજાભાઇ જાદવ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. જીતેશભાઇ મકવાણાએ જણાવ્યું છે કે પાંચેક વર્ષ પહેલા મેં જયદેવ જાદવ કે જેની હોટલ મુંજકા ચોકડીએ છે તે દર મહિને ૪૦ હજારના ભાડેથી રાખી હતી. જેમાં હું ખાણીપીણી અને ચાનો વેપાર કરતો હતો. ગત ૧૩/૯ના રોજ જયદેવે મને કહેલુ કે તમે માલ વ્યવસ્થિત રાખતા નથી, હોટલનું સરખુ ધ્યાન રાખતા નથી જેથી કાલથી તમે હોટલે આવતા નહિ.



ત્યાર પછી મેં હોટલનો ધંધો બંધ કરી દીધો હતો. એકાદ મહિના પછી જયદેવે બાકી રહેલા ભાડાના પૈસા માટે મને ફોન કરતાં હું અને જયદેવ હિસાબ કરવા માટે મુંજકા ચોકડીએ તેની હોટલે ભેગા થયા હતાં. ત્યારે જયદેવે કહેલુ કે તમારી પાસેથી મારે ભાડાના કુલ રૂા. ૧,૨૦,૦૦૦ લેવાના થાય છે. જેથી મેં કહેલુ કે મારે તમને માત્ર ૮૦ હજાર જ દેવાના છે, પણ હાલ મારી પાસે રોકડા નથી, હું પછી આપીશ. તેમ કહી નીકળી ગયો હતો. તેના બે ત્રણ દિવસ પછી જયદેવે ફરીથી મને ફોન કરી કહેલુ કે મારે પૈસાની તાત્કાલીક જરૂર છે. આથી મેં તેને ૪૦ હજાર ઓનલાઇન ટ્રાન્સફર કરી દીધા હતાં. એ પછી સગવડ થતાં ૨૦ હજાર પણ આપી દીધા હતાં.

ત્યારબાદ હું હોટેલ ખાતે મારા સીસીટીવી કેમેરા અને મોટા ફ્રીઝ હતાં તે લેવા જતાં મેં જયદેવને ફોન કરતાં તેણે જેમફાવે તેમ કહી ગાળો દેતાં મેં ગાળો દેવાની ના પાડતાં તેણે મને તું કેમ મારી સામે બોલે છે? હું તારા ટાંટીયા ભાંગી નાંખીશ તને જીવતો નહિ રહેવા દઉ તેમ કહી ધમકી આપી હતી. એ પછી સોમવારે બપોરે હું મારી કાર જીજે૦૩એફડી-૬૧૦૦ લઇને મારા ઘરેથી જાગનાથ પ્લોટ જવા નીકળતાં જયદેવનો ભત્રીજો શ્યામ કાનાભાઇ જાદવ બાઇક લઇને મારી પાછળ પાછળ આવતો હતો. જેથી મને શંકા જતાં હું પ્રેમ મંદિરવાળા રોડ પરથી એજી ચોક તરફ કાલાવડ રોડ પર થઇ નીકળી ગયો હતો. ત્યાં એમજી હોસ્ટેલ નજીક પહોંચતા નંબર વગરની એક કીયા કાર મારી ગાડીની સામે અચાનક આવી ગઇ હતી અને મારી ગાડી ઉભી રખાવી હતી. કીયા કારમાંથી બે માણસો ધોકા લઇને ઉતર્યા હતાં

આ બે શખ્સોમાંથી એક જયદેવ જાદવ અને બીજો તેનો ભત્રીજો નવઘણ જાદવ હતો. આ બંનેએ આવી મારી કારના ડ્રાઇવર સાઇડના કાચમાં ધોકો મારી તોડી નાખ્યા હતાં. એ પછી મને નીચે ઉતારી ધોકાથી કારના અન્ય કાચ પણ ફોડી નાખ્યા હતાં. મને પણ બંનેએ ધોકાથી માર માર્યો હતો. જેથી મને પગ, હાથમાં મુંઢ ઇજાઓ થઇ હતી. આ બંનેએ મારી નાખવાની ધમકી પણ આપી હતી. ઝપાઝપનીમાં મારી સોનાની લક્કી ક્યાંક પડી ગઇ હતી. એ પછી હું ત્યાંથી નીકળી ગયો હતો અને ગોવર્ધન ચોકમાં મારા મિત્રની ઓફિસે ગયો હતો. મિત્ર મનિષભાઇ મને સારવાર માટે લઇ ગયા હતાં. સારવાર લઇ હું ફરિયાદ કરવા પહોંચ્યો હતો.

જીતેશભાઇએ આગળ કહ્યું હતું કે મેં જયદેવની હોટલ ભાડેથી રાખી હોઇ તેના ભાડાના પૈસા મામલે ચાલતી માથાકુટને કારણે મારી ફોર્ચ્યુનર કાર આંતરી તોડફોડ કરી ૩૦ હજારનું નુકસાન કર્યુ હતું અને મને માર મારી ધમકી આપી હતી. તાલુકા પોલીસ મથકના પોલીસ ઇન્સ્પેક્ટર ડી. એમ. હરિપરાની રાહબરીમાં હેડકોન્સ. બી. જે. ખેરએ ગુનો દાખલ કરતાં આરોપીઓને પકડી લેવા ટીમે તપાસ શરૂ કરી છે. હજુ ગઇકાલે જ જુના મોરબી રોડ પર બે ભાઇઓને પડોશી શખ્સોએ આંતરી રૂપિયા માંગી હુમલો કરી એક ભાઇનો હાથ ભાંગી નાંખ્યો હતો. સરાજાહેર ગુંડાગીરીની આવી ઘટનાઓ સતત વધી ગઇ છે. જેમાં વધુ એક આ બનાવ ઉમેરાયો છે.







### આરોગ્ય વિભાગે લીધેલા ૧૧ નમૂના સબ સ્ટાન્ડર્ડ : અધિક કલેકટરે ૭.૪૦ લાખનો વસૂલ્યો દંડ

# ખાદ્ય ખોરાકની સ્થિતી વણસી

## ભવિષ્યમાં અખાદ્ય ચીજ વસ્તુઓનું વેચાણ કરતા વેપારીઓ અટકે તે માટે ચલાવશે ખાસ ઝુંબેશ : લીધેલ અનેક નમૂનાઓના રિપોર્ટ આવવાના બાકી

રાજકોટ, તા. ૨૬

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા લેવામાં આવેલ ખાધ્યપદાર્થના ૧૧ નમૂના ફેઇલ (સબસ્ટાન્ડર્ડ તથા મિસબ્રાન્ડેડ) જાહેર થતાં નામદાર એજ્યુડિકેટિંગ ઓફિસર અને નિવાસી અધિક કલેટર સમક્ષ કેસ ચાલી જતાં કુલ રૂપિયા સાત લાખ ચાલીસ હજારનો દંડના હુકમ કરવામાં આવ્યો હતો. રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ‘‘છ્ર્જ. ગૃહ ઉદ્યોગ‘‘, ચુનારાવાડ શેરી નં.૧, ટી.સી.વાળી શેરી, આજી નદીના કાંઠે, દૂધસાગર રોડ, રાજકોટ મુકામેથી ‘‘ચણા(લુઝ)‘‘ નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં ધારા ધોરણ કરતાં વધુ મોઈશ્ચર, ફોરેન મેટર તથા સડેલા દાણા હોવાને કારણે નમૂનો ‘‘સબસ્ટાન્ડર્ડ‘‘ જાહેર થયેલ. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક રબ્બીભાઈ બસંતભાઇ ગુપ્તાને રૂ.૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ) નો દંડનો હુકમ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શ્રી રામ ગૃહ ઉદ્યોગ, અશોક ગાર્ડનની બાજુમાં ઉમાકાંત પંડિત ઉદ્યોગનગર, લક્ષ્મીનગર મેઇન રોડ, રાજકોટ મુકામેથી ‘‘કેશર શિખંડ(લુઝ)‘‘ નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં મિલ્ક ફેટનું પ્રમાણ ધારાધોરણ કરતાં ઓછું હોવાથી તેમજ સીન્થેટિક ફૂડ કલર ટાર્ટ્રાઝીન અને સનસેટ યેલો FCFની હાજરી મળી આવતા નમૂનો ‘‘સબસ્ટાન્ડર્ડ‘‘ જાહેર થયેલ. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટરશ્રી રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક સંજયભાઈ ડાયાભાઇ ટાંકને રૂ.૧,૨૫,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પચીસ હજાર) નો દંડનો હુકમ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ’નીતાસ’ ચુનારાવાડ શેરી નં. ૪, ડાભી હોટેલ વાળી શેરી, રાજકોટ મુકામેથી ‘‘સ્વસ્તિક રિફાઈન્ડ કપાસિયા તેલ (૧ ltr pkd bottle)‘‘ નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં કપાસિયા તેલની ગેરહાજરી તથા લાયસન્સ નંબર, FSSAI લોગો તથા એક્સપાયરી ડેટ માર્કિંગ ન હોવાને લીધે નમૂનો ‘‘સબસ્ટાન્ડર્ડ તથા મિસબ્રાન્ડેડ‘‘ જાહેર થયેલ. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટરશ્રી રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક સુનિલભાઈ હરેશભાઈ રાવતાનીને તથા રિપેકર પેઢીના માલિક વિમલભાઈ નટવરલાલ તન્નાને કુલ મળીને રૂ.૧,૦૫,૦૦૦ નો દંડનો હુકમ કરવામાં આવ્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શ્રી જય અંબે એન્ટરપ્રાઇઝ, પ્લોટ નં.૧૧-૧૪, શેડ નં.-૨, ન્યુ સોમનાથ ઇન્ડ. એરિયા, શેરીનં.૨, કોઠારીયા, રાજકોટ મુકામેથી ‘‘**SHRI PARAS DIVABATI (NON EDIBLE**) (FROM 15 KG PKD TIN)‘‘ નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં લેબલ પર ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ (લેબલિંગ એન્ડ ડિસપ્લે) રેગ્યુલેશન- ૨૦૨૦ અને તે અંગેના નિયમો મુજબ સ્ટાન્ડર્ડ ન જળવાયુ હોવાથી નમૂનો ‘‘મિસબ્રાન્ડેડ‘‘ જાહેર થયેલ. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક આસનદાસ જામનદાસ લાલવાણી ને રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર) નો દંડનો હુકમ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ગાયત્રી ડેરી ફાર્મ, રામેશ્વર ચોક, ગીત ગુર્જરી સોસાયટી મેઇન રોડ, રાજકોટ મુકામેથી ‘‘ડ્રાયફ્રૂટ કેશર શિખંડ (લુઝ)‘‘ નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં સિન્થેટીક ફૂડ કલરની હાજરી મળી આવતા નમૂનો ‘‘સબસ્ટાન્ડર્ડ‘‘ જાહેર થયેલ. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટરશ્રી રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક મનીષભાઈ જેસિંગભાઈ સાકરિયાને રૂ.૨૫,૦૦૦નો દંડનો હુકમ કરવામાં આવેલ છે.

‘‘રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા યોગેશ્વર ડેરી ફાર્મ, સાગર સોસાયટી, ૪૦ ફૂટ મેઇન રોડ, કોઠારીયા રોડ, રાજકોટ મુકામેથી ‘કેશર શિખંડ (લુઝ)‘‘ નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં સિન્થેટીક ફૂડ કલરની હાજરી મળી આવતા નમૂનો ‘‘સબસ્ટાન્ડર્ડ‘‘ જાહેર થયેલ. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટરશ્રી રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક દીપકભાઈ ચકુભાઇ વોરાને રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર) નો દંડનો હુકમ કરવામાં આવેલ છે.

‘‘રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ભક્તિનગર પો.સ્ટેશન, રાજકોટ મુકામેથી ‘‘દિવેલનું ઘી (લુઝ)‘‘ નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં ફોરેન ફેટ (વનસ્પતિ ફેટ) તથા TURMERIC (હળદર)ની હાજરી મળી આવતા નમૂનો ‘‘સબસ્ટાન્ડર્ડ‘‘ જાહેર થયેલ. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર રાજકોટ દ્વારા નમુનો આપનાર નિશાંતભાઈ નાગજીભાઈ સતાશિયા (ન્યુ વૃન્દાવન ડેરી ફાર્મ, નાલંદા સ્કૂલ પાસે, શ્યામ એપાર્ટમેન્ટ, વિરાટનગર મે. રોડ, રાજકોટ- પેઢીના માલિક) ને રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર) નો દંડનો હુકમ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા જનતા સ્વીટ, સંસ્કૃતિ સ્કવેર, G.F. શોપ નં. G-4, અંબિકા ટાઉનશીપ, અંબેમાં મંદિર રોડ, રાજકોટ મુકામેથી ‘‘પનીર (લુઝ)‘‘ નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ) ની હાજરી મળી આવતા નમૂનો ‘‘સબસ્ટાન્ડર્ડ‘‘ જાહેર થયેલ. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટરશ્રી રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક રાજ નરેન્દ્રભાઈ કંટેસરિયાને રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર) દંડનો હુકમ કરવામાં આવેલ છે.

એવીજ રીતે ફૂડ વિભાગ દ્વારા જય કિશાન ડેરી ફાર્મ, નંદા હોલ સામે, કોઠારીયા મેઇન રોડ, રાજકોટ મુકામેથી ‘‘મિક્સ દૂધ (લુઝ)‘‘ નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં ફોરેન ફેટ (વેજીટેબલ ફેટ) ની હાજરી મળી આવતા નમૂનો ‘‘સબસ્ટાન્ડર્ડ‘‘ જાહેર થયેલ. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટરશ્રી રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક પરસોતમભાઈ ધરમશીભાઈ લિંબાસીયાને રૂ.૧૦,૦૦૦નો દંડનો હુકમ કરવામાં આવ્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા સીતારામ ડેરી ફાર્મ, રાધિકા પાર્ક, સેન્ટમેરી સ્કૂલ પાસે, રેલ્વે ફાટક પાસે, મોરબી રોડ હાઇવે, બ્રીજ નીચે, રાજકોટ મુકામેથી ‘‘શુધ્ધ ઘી (લુઝ)‘‘ નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં વેજીટેબલ ઓઇલની હાજરી મળી આવતા નમૂનો ‘‘સબસ્ટાન્ડર્ડ‘‘ જાહેર થયેલ. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટરશ્રી રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક અશોકભાઈ પરસોતમભાઈ શંખાવરાને રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) નો દંડનો હુકમ કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા મંત્ર મહેલ, મનહર પ્લોટ-૧૦, મંગળા રોડ, રાજકોટ મુકામેથી ‘‘ફરાળી લોટ (લુઝ)‘‘ નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં ઘઉંના લોટની સ્ટાર્ચની હાજરી મળી આવતા નમૂનો ‘‘સબસ્ટાન્ડર્ડ‘‘ જાહેર થયેલ. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડીકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટરશ્રી રાજકોટ દ્વારા નમુનો આપનાર પેઢીના માલિક મોહિતભાઈ ખીમજીભાઇ પરમારને રૂ.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) નો દંડનો હુકમ કરવામાં આવેલ છે.

### મારામારી, હત્યા, હત્યાની કોશિષની વધી રહેલી ઘટનાઓ વચ્ચે ચોંકાવનારો કિસ્સો

# જમવાની બબાલમાં દિકરો જમ બન્યોઃ જનેતાનો જીવ લીધો

## પંચ્યાસી વર્ષના વયોવૃધ્ધ માતા પર લોખંડના દસ્તાથી ક્રુરતાથી તૂટી પડ્યોઃ પોલીસે હત્યારાને ભાગે એ પહેલા પકડી લીધો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૭**

માતા-પિતા માટે તેના સંતાનો ભલે ગમે તેવા હોય તો પણ તેને વ્હાલા હોય છે. અનેક એવા સંતાનો હોય છે જે પોતાના માવતરને પણ કોઇને કોઇ વાતે દુઃખી કરતાં હોય છે અથવા તો ત્રાસરૂપ બની જતાં હોય છે. ઘરમાં જમવા, પૈસા સહિતની વાતોને કારણે આવા અમુક સંતાનો ઝઘડા કરતાં રહેતાં હોય છે. વાત બોલાચાલી કે ચડભડ સુધી પહોંચે ત્યાં સુધી ઠીક છે પણ ક્યારેક દિકરો જ લોહીના સંબંધોને વિસરી જઇ જમ બની જાય ત્યારે શું થાય? તેની પ્રતિતી કરાવતો ખળભળાટ મચાવતો કિસ્સો બન્યો છે. જેમાં એક કપાતરે પોતાના પંચોતર વર્ષના વયોવૃધ્ધ માતાને લોખંડના દસ્તાના ઘા ફટકારી મોતને ઘાટ ઉતારી દીધા છે. જમવા બાબતે થયેલી બબાલને કારણે આ દિકરો જમ બની તૂટી પડ્યો હતો. તે હત્યા કરી ભાગે એ પહેલા પકડી લેવાયો હતો.



ખળભળાટ મચાવતી આ ઘટના સુરતના ખટોદરા વિસ્તારમાં બની છે. જેમાં એક પુત્રએ પોતાની જન્મદાતી માતાની નિર્દયતાથી હત્યા કરી છે. જમવા બાબતે થયેલ વિવાદ અને ઝઘડામાં પુત્રએ પંચ્યાસી વર્ષની માતાના માથા પર રસોઈના દસ્તાથી હુમલો કર્યો જેના કારણે માતાનું મોત થયું હતું. વધુ વિગતો પર નજર કરીએ તો ખટોદરા વિસ્તારમાં આવેલા પંચશીલ વિસ્તારમાં વૃદ્ધાની હત્યાની અંગે જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. માતાની હત્યા કરનાર પુત્રને પોલીસે ઝડપી પાડ્યો હતો. પંચ્યાસી વર્ષના બંગાળીબેન વૃંદાવન બિસ્વાલ પોતાની પુત્રવધૂ અને પુત્ર સાથે રહેતા હતા. પુત્ર અને પુત્રવધૂ બંને મજૂરીકામ કરતા હતા. તેઓ મૂળ ઓડિશાના ગંજામ જિલ્લાના રહેવાસી છે. ઘટના બારામાં વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે, સાંજે મૃતકના પુત્રએ જ તેમની હત્યા કરી છે. જેમાં લોખંડના દસ્તાથી માથા પર હુમલો કરી માતાની હત્યા કરવામાં આવી હતી.

હત્યા કરનારા પુત્રનું નામ ગાંધી વૃંદાવન બિસ્વાલ છે, જેની વય અંદાજે ચાલીસથી પચાસ વર્ષ છે. તે અને તેની પત્નિ અહીં મજૂરીનું કામ કરે છે. સાંજે જ્યારે પત્નિ બહાર હતી ત્યારે પુત્ર અને માતા વચ્ચે જમવા બાબતે ઝઘડો થયો હતો. બાદમાં પુત્ર કાળઝાળ થયો હતો અને માતાની હત્યા કરી નાખી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. રાજ્યમાં આ પ્રકારની ઘટનાઓ અગાઉ પણ અનેક વખત બની છે જેમાં પિતાએ પુત્રની, પુત્રએ પિતાની કે પછી પતિએ પત્નિની અથવા તો પત્નિએ પતિની હત્યા કરી હતી. ગઈકાલે જ એક બનાવમાં બનેવીએ સાળાની હત્યા પણ કરી હતી. જેમાં પત્નિ રિસામણે હોઇ તેના કારણે ચાલતી માથાકુટમાં તે ઉશ્કેરાઇ ગયો હતો અને બજારમાં સાળો મળી જતાં તેને ધોકાથી પતાવી દાઝ ઉતારી હતી.

આ ઘટનામાં હત્યારાની બહેને અવંતીએ પોલીસને કહ્યું હતું કે ભાઈ ભાભી મારી માતાને જમવાનું આપવામાં અનેકવાર ખાટકો કરતી હતી, અને માતાને નિયમિત ભોજન આપવામાં આવતું નહતું. જ્યારે કોઈક વાર મને એમ લાગતું કે આજે માતાને ભોજન નથી મળ્યું તો હું પોતે ભોજન આપવા જતી પણ ભાઈ આ બાબતે પણ મારી સાથે બબાલ કરતો હતો. પુત્ર સાથે રહેતી માતાના ભરણપોષણનો ભાર લાગતો હોવાને લીધે દિકરો ગાંધી માતા પર છાશવારે અકળાઈ જતો હતો અને આ વખતે આવેશમાં આવી માતાની હત્યા કરી બેઠો હતો.

### વડોદરાથી રાજકોટ લગ્ન પ્રસંગે આવેલા

# વૃદ્ધાને બે મહિલા ભટકી ગઈ ૩.૫૦ લાખના દાગીના ઉતરાવી છૂ

## એ-ડીવીઝન પોલીસમાં નોંધાવાઈ ફરિયાદ : તસ્કરણી મહિલાની શોધખોળ

રાજકોટ મિરર, તા.૨૬

વડોદરાથી સંબંધીના લગ્ન પ્રસંગે રાજકોટ આવેલા એક વૃદ્ધાને બે તસ્કરણી મહિલાનો ભેટો થઇ જતા અને બંને અજાણી મહિલાઓ વૃધ્ધાની સોનાની બંગડી, ચેઈન મળી રૂ. ૩.૫૦ લાખના દાગીના ઉતરાવી છું થઇ ગયાની એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોધાવાઈ છે.

આ બાબતે પલ્લવીબેન કિરણભાઈ વડોદરિયા (ઉ.૬૫) રહે. માંજલપુર-વડોદરાએ એ ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, તા. ૨૨ મી નવેમ્બરના રોજ તેઓ તેમના વેપારી રહીમભાઈ ગીલાણીની દીકરીના લગ્નમાં પતિ સાથે વડોદરાથી રાજકોટ આવ્યા હતા. અને રાજકોટ રોકાયા હતા. દરમિયાન તા. ૨૫ ના રોજ સજોડે ધર્મેન્દ્ર રોડ પર ખરીદી કરવા ગયા હતા. આ સમયે પતિ કિરણભાઈને થોડું કામ હોવાથી તેઓ અન્યત્ર ગયા હતા અને પલ્લવીબેન ખરીદીમાં મશગુલ હતા. આ સમયે જીવન કોમર્સિયલ બેંકની બાજુમાં લાબેલા ગાંઠીયા વાળી શેરી, રઘુવીર પરા પાસે પહોચ્યા ત્યારે એક મહિલા તેમની પાસે આવી હતી અને કહ્યું હતું કે, સામે ઉભેલા બહેન પાસે બહુ પૈસા છે પણ ગણતા આવડતા નથી અને પૈસામાં કાઈ ખબર પડતી નથી. એટલે આપણે બંને તેમને પૈસા ગણાવી દઈએ અને પછી તેમને જયપુર જવું હોય, બસમાં બેસાડી દઈશું.

અજાણી મહિલાની વાતમાં વિશ્વાસમાં આવી ગયેલા પલ્લવીબેન તે બીજી અજાણી મહિલા પાસે ગયા હતા અને ત્યાં થોડીવાર વાતચિત દરમિયાન બંને અજાણી મહિલાઓએ કઈ કરી નાખતા પલ્લવીબેન અવાચક બની ગયા હતા અને આ સમયે બંને મહિલાઓએ સોનાની ચાર બંગડી અને સોનાનો પેન્ડલ સાથેનો ચેઈન ઉતરાવી એક રૂમાલમાં મુકવાનું કહી, રૂ. ૩.૫૦ લાખના દાગીના ભરેલું રૂમાલનું પોટલું લઈને રફુચક્કર થઈ ગઈ હતી. આ બારાની એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાતા પ્રો.પીએસઆઈ એસ.એમ.રાણા દ્વારા અજાણી મહિલાની શોધખોળ આદરી છે.



## CCTV ફુટેજ સામે આવતા પોલીસ અધિકારીઓ તથા પોલીસ બેડામાં ચોંકાવનારી ચર્ચાએ પકડયુ જોર

# સરધારા-પાદરીયા પ્રકરણે ૩૦૭ની કલમ સામે પોલીસ બેડામાં રોષ

### હથિયારનો ઉપયોગ થયો નથી : સામ સામી ઝપાઝપીમાં મુક્કો માર્યો છે તો ૩૨૩ થી વાત આગળ ન વધે તેવો બહુમત : પો.ઈન્સ.પર હુમલાની વાત હવામાં ઓગળી

રાજકોટ,તા.૨૭

ગઈકાલે મવડી કણકોટ રોડ પર શ્યામ પાર્ટી પ્લોટ પર લગ્ન પ્રસંગે સરદારધામના ઉપપ્રમુખ જયંતિલાલ સરધારા અને પોલીસ ઈન્સ્પેકટર સંજય પાદરીયા વચ્ચે બોલાચાલી અને ઝપાઝપી પ્રકરણમાં જયંતિ સરધારા પર કથીત હુમલા સબબ પી.આઈ.પાદરીયા સામે ૩૦૭ની કલમ લગાવાતા કાયદાની કલમના ઉપયોગ અને ગેરઉપયોગ વચ્ચે ફરજ બજાવતાં પોલીસ બેડામાં રોષ જન્મ્યાનું બહાર આવી રહ્યું છે. સરધારા પરના હુમલા અને પોલીસ ઈન્સ્પેકટર પાદરીયા સામે કડક પગલાં લેવાની વાતો વચ્ચે પોલીસ ઈન્સ્પેકટર પર હુમલાની વાત હવામાં જ ઓગળી ગઈ છે ત્યારે પોલીસ બેડામાં એવો રોષ જોવા મળી રહ્યો છે કે સરધારાને થયેલ ઈજામાં કયાંય હથિયારનો ઉપયોગ થયાનું સીસીટીવી કે દાસ્મીક શાહેદોમાં ખુલ્યું નથી. મુક્કો લાગ્યાનું જણાઈ રહ્યું છે ત્યારે કાયદાકીય જોગવાઈ મુજબ કલમ ૩૨૩ લાગી શકે. હત્યાના પ્રયાસ જેવી કડક કલમ લગાડવામાં આવતાં પોલીસ બેડામાં તથા પાટીદાર સમાજમાં ચોંકાવનારી ચર્ચાઓએ જોર પકડાયાનું જોવા મળી રહ્યું છે.

પોલીસ બેડામાંથી જાણવા મળતી વિગતો મુજબ ગઈકાલના બનાવ અંગે તપાસનીશ અધિકારીઓ તથા જાણકાર વર્તુળોની છાનબીનમાં ૩૦૭ અંગે કોઈ મજબૂત કળી ધ્યાનમાં ન આવ્યાનું મનાય છે. લગ્ન પ્રસંગના જમાણવારના સીસીટીવી ફુટેજ બહાર આવ્યા છે તેમાં પાંચેક મિત્રો વચ્ચે કોઈ બાબતે ચર્ચા થઈ રહી છે ત્યારે જયંતિભાઈ સરધારાએ એક તબક્કે પોલીસ ઈન્સ્પેકટર સંજય પાદરીયાનો કાથલો પકડી લીધાનું અને પાટુ માર્યાનું જોઈ શકાય છે અને એવું લાગી રહ્યું છે કે મિત્રના પરિવારનો લગ્ન પ્રસંગે કઈ બખેડો ન થાય તેવા સારા ઉદ્દેશથી પી.આઈ.પાદરીયા તથા જયંતિલાલ સરધારા વાતને ત્યાં જ પૂર્ણ કરી અને બહાર જતાં રહે છે અને બાદમાં રોડ પાસે બન્ને ફરી મળી જતાં કારમાંથી જયંતિલાલ સરધારા કારમાંથી બહાર આવ્યા બાદ બન્ને વચ્ચે ફરી ઝપાઝપી થતી હોય તેવા સીસીટીવી ફુટેજ પોલીસને મળતાં એમ કહેવાય છે કે તપાસનીશ અધિકારીઓ પણ તપાસ કઈ રીતે આગળ ધપાવવી અને શું રિપોર્ટ કરવો ? તે અંગે અસ્મજંશમાં મુકાયાનું મનાય છે. જો કે આ અંગે કોઈ સત્તાવાર વિગતો મળી નથી પરંતુ પોલીસ બેડમાં છાણા ખૂણે કચવાટ શરૂ થયો છે અને કોઈ અગમ્ય કારણોસર હત્યાના પ્રયાસ અંગેની ગંભીર કલમ ૩૦૭ લગાવવામાં ઉતાવળ થઈ ગઈ હોય અને કાચુ કપાયું હોય તેવી ચર્ચાએ જોર પકડયું છે.

પોલીસ બેડાના અમુક સુત્રોમાં એવો પણ કચવાટ શરૂ થયો છે કે પોલીસ ઈન્સ્પેકટર દરજ્જાના અધિકારીનો કાથલો પકડવાનો પ્રયાસ અને પાટુ મારવા જેવી બાબત સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે ત્યારે શું તપાનીશ અધિકારીઓ તટસ્થ રીતે તપાસ કરી સત્ય હકીકતો બહાર લાવશે કે કેમ ? તે અંગે પણ પોલીસ બેડા તથા જાણકાર વર્તુળોમાં ચર્ચા જાગી છે.

બીજી તરફ પાટીદાર સમાજમાં પણ બહુમત સભ્યો એવું ચર્ચી રહ્યાં છે કે તપાસનીશ અધિકારીઓએ તટસ્થ તપાસ હાથ ધરીને તથા બનેલ ઘટના અંગેના તમામ અંકોડા મેળવ્યા બાદ જ કાનૂની પગલાં લેવા જોઈએ. જો તટસ્થ તપાસ નહીં થાય અને ૩૦૭ની કલમ લગાવવા બાબતે ખોટી ઉતાવળ થયાની ચર્ચા છે ત્યારે ન્યાયના હિતમાં કામગીરી નહીં થાય તો પોલીસ તંત્રનાં મોરલને પણ હાની પહોંચી શકે છે.

### મવડી કણકોટ રોડ પર પાર્ટી પ્લોટમાં પહેલા લગ્નપ્રસંગમાં પીઆઇએ બોલાચાલી કરી પછી પાર્કિંગમાં બોલી બઘડાટીઃ સીસીટીવી ફૂટેજ વહેતા થયા

# જે.કે. સરધારા પરના હુમલામાં PI સામે ગુન્હો

### ફરિયાદમાં સરધારાએ લખાવ્યું-જુનાગઢના પીઆઇ સંજય પાદરીયાએ મને સમાજનો ગદ્દાર કહીને જાનથી મારી નાખવાનો પ્રયાસ કર્યોઃ એસીપીએ શરૂ કરી તપાસઃ પીઆઇ પાસે પિસ્તોલ ન હોવાની અને તે રજા પર હોવાની ચર્ચાઃ ઘટનાના સૌરાષ્ટ્રભરમાં પડ્યા પડઘા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૬**

હું જુનાગઢ એસઆરપી રિજીયન પીઆઇ સંજય પાદરીયા, હું નરેશ પટેલની સક્રિય ટીમમાં છું, તું સરદારધામનો ઉપપ્રમુખ બનીને ગદ્દારી કરે છે...આ પ્રકારે પોલીસ ઇન્સ્પેક્ટરે મવડી કણકોટ રોડ પર પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગમાં આવેલા સરદારધામના ઉપપ્રમુખ સાથે ઝઘડો કરી બોલાચાલી કર્યા બાદ તે પાર્કિંગમાંથી કાર લઇને નીકળ્યા ત્યારે પીઆઇએ ફરીથી કાર આંતરી ઝઘડો કરી આજે હવે તને અહિથી જીવતો જવા દેવો નથી કહી પિસ્તોલ જેવા હથીયારથી માથામાં કુંદા મારી ઇજા કરી તેમજ પછાડીને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ ઘટનાના સૌરાષ્ટ્રભરમાં ઘેરા પડઘા પડ્યા છે. દરમિયાન આ અંગે તાલુકા પોલીસે હુમલો કરનારા પીઆઇ વિરૂધ્ધ હત્યાની કોશિષ સહિતની કલમો મુજબ ગુનો દાખલ કરતાં ચકચાર જાગી છે. ફરિયાદીએ સ્પષ્ટ જણાવ્યું છે કે હું સરદારધામનો ઉપપ્રમુખ બનતાં ખોડલધામ ટ્રસ્ટ અને નરેશભાઇ પટેલને આ વાત પસંદ ન હોઇ તેના કારણે પીઆઇએ મારા પર હુમલો કરી મને મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો!

ઘટનાની વિગતો પર નજર કરીએ તો શહેરનાં પુર્વ કોર્પોરેટર અને પાટીદાર અગ્રણી તેમજ સરદારધામ સૌરાષ્ટ્રના ઉપપ્રમુખ જયંતીભાઈ સરધારા પર સમોવારે રાત્રીના મવડી કણકોટ રોડ પર શ્યામ પાર્ટી પ્લોટ ખાતે જુનાગઢ એસઆરપીના રિજીયન પીઆઇ સંજય પાદરીયાએ હીચકારો હુમલો કર્યાની ઘટનાના ઘેરા પડઘા પડ્યા હતાં. દરમિયાન હુમલામાં ઘાયલ જયંતિભાઇની ફરિયાદ પરથી તાલુકા પોલીસે હુમલો કરનારા જુનાગઢના પોલીસ ઇન્સ્પેક્ટર વિરૂધ્ધ હત્યાની કોશિષનો ગુનો દાખલ કરતાં ચકચાર જાગી છે. જયંતિભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે-હું સરદારધામ સૌરાષ્ટ્ર સોમનાથ ટ્રસ્ટના ઉપપ્રમુખ તરીકે હું નિમાયો હોઉ અને ખોડલધામ ટ્રસ્ટ તથા નરેશભાઇ પટેલને અમો ઉપપ્રમુખ તરીકે હોઇએ તે વાત પસંદ ન આવતી હોઇ તે કારણે પીઆઇએ મને સમાજનો ગદ્દાર કહી મારી નાખવાના ઇરાદે હુમલો કર્યો હતો. જો કે બીજી તરફ માથાકુટ વખતે પીઆઇ પાસે હથીયાર નહિ હોવાનું અને તે રજા પર હોવાના અને સોશિયલ મિડીયા, ન્યુઝ ચેનલોમાં સમાચારો વહેતા થયા છે. હું નરેશ પટેલની સક્રિય ટીમમાં છું, તું સરદારધામનો ઉપપ્રમુખ બનીને ગદ્દારી કરે છે...તેમ કહી પીઆઇએ હુમલો કરી દીધાનો આરોપ ફરિયાદમાં મુકાયો છે.

આ ઘટનાની પોલીસ ચોપડે નોંધાયેલી એફઆઇઆરની વિગતો અનુસાર કોઠારીયા રોડ હરિધવા માર્ગ પર શ્રીરામ પાર્કઅ૧ નવનીત હોલ સામે રહેતાં પાટીદાર આગેવાન અને સરદારધામ સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ અઠાવન વર્ષના જયંતિભાઇ કરસનભાઇ સરધારા પર રાતે મવડી કણકોટ રોડ પરના પાર્ટી પ્લોટ પાસે જુનાગઢ એસઆરપી રિજીયન પીઆઇ સંજય પાદરીયાએ હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડી હોવાની ઘટના બનતાં અને જયંતિભાઇને લોહીલુહાણ હાલતમાં ગિરીરાજ હોસ્પિટલમાં ખસેડાતાં આગેવાનો, કાર્યકરો, પરિવારજનો, ભાજપ આગેવાનો અને જયંતિભાઇના મિત્રો મોટી સંખ્યામાં હોસ્પિટલ ખાતે ઉમટી પડ્યા હતાં. જયંતિભાઇએ લોહીલુહાણ હાલતમાં જણાવ્યું હતું કે મને પીઆઇ પાદરીયાએ મને ખુણામાંલઇ જઇને કીધુ કે તું સમાજનો ગદ્દાર છો, સરદારધામના ઉપપ્રમુખનો તે શું કામ ચાર્જ લીધો? અમારે ખોડલધામ અને સરદારધામને વેરઝેર છે, નરેશ પટેલની સામે થઇશ તો તને જાનથી મારી નાખીશ તેમ કહેતાં મેં કીધુ કે ભાઇ હું તો થયો છું, મેં કોઇ પાપ નથી કર્યુ કે ખરાબ કામ નથી કર્યુ.







**સરધારાએ એફઆઇઆરમાં લખાવ્યું-હું સરદારધામનો ઉપપ્રમુખ બન્યો તે વાત નરેશભાઇ પટેલ, ખોડલધામ ટ્રસ્ટને પસંદ નહોતી, આથી પીઆઇએ મને પતાવી દેવાનો પ્રયાસ કર્યો!**

ત્યારપછી તેણે મને બહાર નીકળ જોઇ લઉ છું તેમ કહેતાં હું ગાડી લઇને નીકળતાં તે આડો ઉભા રહી ગયેલ, હુ બહાર નીકળતાં સીધા જ તેણે માથામાં હથીયાર મારતાં હું પડી ગયો હતો. માથે તાંકીને ઉભેલ અને મારી નાખીશ તો આટલી વાર લાગશે તેમ કહી હવે જો સરદારધામના કામમાં ગ્યો છો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી દીધી હતી, હું ફરીથી ઉભો થતાં મારો કાંઠલો પકડ્યો હતો. હું દોડીને ગાડીમાં બેસી જતાં ફરીથી તેણે કાંઠલો ખેચી બહાર કાઢવા પ્રયાસ કર્યો હતો. પણ હું ગાડી લઇ સડસડાટ નીકળી ગયેલ ત્યારે પણ તે હથીયાર લઇ પાછળ દોડેલ. ઉપરોક્ત નિવેદન હોસ્પિટલમાં જયંતિભાઇને ખસેડાયા ત્યારે તેણે આપ્યું હતું જે રાતે સોશિયલ મિડીયામાં વાયરલ થયું હતું.

આ ઘટનાની જાણ થતાં તાલુકા પોલીસની ટીમ, એલીસીબી, ડીસીબી, ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે અને હોસ્પિટલે દોડી ગયા હતાં. તાલુકા પોલીસે આ બનાવમાં હુમલામાં ઘાયલ જયંતિભાઇ સરધારાની ફરિયાદ પરથી જુનાગઢ એસઆરપી રિજીયન પીઆઇ સંજય પાદરીયા વિરૂધ્ધ પિસ્તોલ જેવા હથીયારથી માથાના ભાગે ઘા ફટકારી મારી નાખવાની ધમકી આપ્યાનો ગુનો નોંધી આગળ તપાસ વધારી હતી. જયંતિભાઇ સરધારાએ એફઆઇઆરમાં જણાવેલી વિગતો આ મુજબ છે. તેમણે કહ્યું હતું કે-હું વેપાર કરુ છું અને પરિવાર સાથે રહુ છું, સાથે સાથે હું સરદારધામ સૌરાષ્ટ્ર ઝોનનો ઉપપ્રમુખ તરીકે સમાજનો અગ્રણી છું. સોમવારે ૨૫મીએ સાંજે સાડા પાંચેક વાગ્યે હું મારી કાર જીજે૦૩એમબી-૮૧૧૮ લઇને મારા મિત્ર રમેશભાઇ ગીરધરભાઇ કોરાટના પુત્રના લગ્નમાં શ્યામ પાર્ટી પ્લોટ મવડી કણકોટ રોડ પર છે ત્યાં ગયો હતો. રાતે સાડા આઠેક વાગ્યે હું ફંકશનમાં હતો ત્યારે અગ્રણી મિત્રો સાથે વાતચીત કરી રહ્યો હતો. આ વખતે એક વ્યક્તિ મારી પાસે આવેલ અને કહેલુ કે-હું સંજયભાઇ પાદરીયા પીઆઇ છું અને જુનાગઢ એસઆરપી રિજીયનમાં છું, તું સમાજનો ગદ્દાર છો...આવુ કહી મને મારવાની કોશિષ કરતાં અન્ય અગ્રણીઓ વચ્ચે પડેલા અને ઝઘડો બોલાચાલી અટકાવ્યા હતાં.

ત્યારે આ સંજય પાદરીયાએ કહેલુ કે-હું નરેશભાઇ પટલની સક્રિય ટીમમાં છું, તું સરદારધામમાં ઉપપ્રમુખ બનીને ગદ્દારી કરે છે, હવે તને અહિથી જીવતો જવા દેવો નથી. આ પછી સંજય પાદરીયા જતા રહેલ અને હું મારુ ફંકશન પુરૂ કરી પાર્કિંગમાંથી મારી કાર લઇને નીકળ્યો ત્યાં રસ્તામાં ગાડી આડે સંજય પાદરીયા આવી ગયેલ અને ગાડી ઉભી રખાવી હતી. હું બહાર આવતાં જ સંજય પાદરીયાએ પોતાની પાસે રહેલા પિસ્તોલ જેવા હથીયારથી મને સીધો માથાના ભાગે ઘા મારી દીધો હતો. જેથી હું નીચે પડી ગયો હતો. એ પછી સંજય મારી ઉપર આવી જઇ ઢીકાપાટુ મારવા માંડ્યો હતો અને ગાળો દઇ આજે તો પતાવી જ દેવો છે તેમ કહી માર મારતાં દેકારો થતાં બે અજાણ્યા લોકો આવી જતાં મને છોડાવ્યો હતો. મને માથામાં ઇજા થઇ હોઇ લોહીલુહાણ થઇ ગયો હતોઉ એ પછી ત્યાંથી નીકળી જઇ મારી જાતે જ ગિરીરાજ હોસ્પિટલે પહોંચ્યો હતો. હુ.હાલ ભાનમાં છું અને સારવાર હેઠળ છું.

જયંતિભાઇએ ફરિયાદમાં અગાળ જણાવ્યું હતું કે સરદારધામ સૌરાષ્ટ્ર સોમનાથ ટ્રસ્ટના ઉપપ્રમુખ તરીકે હું નિમાયો હોઉ અને ખોડલધામ ટ્રસ્ટ તથા નરેશભાઇ પટેલને અમો ઉપપ્રમુખ તરીકે હોઇએ તે વાત પસંદ ન આવતી હોઇ તેમજ અમો સમાજના ગદ્દાર છીએ તેમ કહી સંજય પાદરીયા જે પીઆઇ છે તેણે પિસ્તોલ જેવા હથીયારથી માથામાં ઘા ફટકારી ઇજા કરી ઢીકાપાટુ મારી ગાળો દઇ જાનથી મારી નાખવાનની ધમકી આપી મને મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. તેમ વધુમાં જયંતિભાઇ સરધારાએ જણાવતાં એસીપી બી. જે. ચૌધરી, પીઆઇ ડી. એમ. હરીપરા અને ટીમે ગુનો નોંધી વિશેષ તપાસ હાથ ધરી છે. બીજી તરફ આ ઘટનામાં પીઆઇ ચાલીને જતાં હોય અને બાદમાં કાર આવતી હોઇ તેમાંથી જયંતિભાઇ સરધારા ઉતર્યા બાદ મારામારી થતી હોવાના સીસીટીવી ફૂટેજના દ્રશ્યો વહેતા થયા છે, પીઆઇ હાલ રજા પર હોવાની વાતો પણ ન્યુઝ ચેનલોમાં પ્રસારીત થઇ હતી. તાલુકા પોલીસ ઉચ્ચ અધિકારીઓની રાહબરીમાં આગળ તપાસ કરે છે.

### લીંબડીના શીયાણી ગામના કુટુંબીજનો સોમનાથ પિતૃકાર્ય માટે જવા નીકળ્યા ત્યારે ચોટીલા નજીક આપાગીગાના ઓટલા પાસે બોલેરો પીકઅપ અને ટ્રક ટકરાયાઃ ૧૮ને ઈજા

# કાળમુખો અકસ્માતઃ વયોવૃધ્ધ ચાર દેરાણી જેઠાણીના એકસાથે મોત

### ત્રણ વૃધ્ધાએ ઘટના સ્થળે દમ તોડ્યોઃ એક વૃધ્ધાનું રાજકોટમાં મૃત્યુઃ રેથરીયા કોળી પટેલ પરિવારજનોમાં શોકની કાલીમા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૬**

જે માણસ જન્મ લે તેનું મૃતયુ ચોક્કસ નક્કી હોય છે. પરંતુ પરલોકનું તેડુ ક્યારે આવી જાય, કાળ ક્યાં કયારે કેવી રીતે ભેટી જાય તેની કોઇને જાણ હોતી નથી. કંઇક આવી જ એક ઘટના લીંબડીના શીયાણી ગામના કોળી પરિવારના લોકો સાથે બની છે જેમાં ચોટીલા નજીક બોલેરો પીકઅપ અને ટ્રક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બોલેરોમાં બેઠેલા આ પરિવારના વૃધ્ધા કે જે સગા દેરાણી જેઠાણી થાય છે તેમના મૃત્યુ થતાં કલ્પાંત સર્જાયો હતો. નાનપણમાં જ અવસાન પામેલા એક બાળકની પાછળ પિતૃકાર્ય કરવા માટે આ પરિવારજનો સોમનાથ ખાતે જવા નીકળ્યા તયારે ચોટીલા નજીક આપાગીગાના ઓટલા તરીકે ઓળખાતી જગ્યા આ કાળમુખો અકસ્માત સર્જાયો હતો. જેમાં ચાર સગા ભાઇઓએ પોતાના પત્નિઓને ગુમાવી દીધા હતાં. જ્યારે કુટુબના બીજા અઢાર લોકોને ઇજા પહોંચી હતી. જેમાં લીંબડીના શીયાણી ગામેથી















ગીર સોમનાથ જઇ રહેલી બોલેરો પીકઅપ ગાડી આડે રોડ પર ઓચીંતો ટ્રક આવી જતાં બંને વાહનો ધડાકાભેર અથડાતાં મરણચીસો ગાજી ઉઠી હતી.

આ કાળમુખા જીવલેણ અકસ્માતની વિગતો પર નજર કરીએ તો આ અકસ્માતમાં લીંબડીના શીયાણી ગામના પાંસઠ વર્ષના મંજુબેન ઘનશ્યામભાઇ રેથરીયા, અડસઠ વર્ષના ગૌરીબેન પાંચભાઇ રેથરીયા, સાંઇઠ વર્ષના ગલાલબેન કાળુભાઇ રેથરીયાના ઘટના સ્થળે જ મૃત્યુ થયા હતાં. જ્યારે સિત્તેર વર્ષના મગજીબેન ગોબરભાઇ રેથરીયા જે આ ત્રણેયના સગા જેઠાણી હતાં તેમનું રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડાયા બાદ મૃત્યુ થતાં આ ઘટનાનો કુલ મૃત્યુ આંક ૪ થયો હતો. અકસ્માતને પગલે રેથરીયા પરિવારજનોમાં કાળો કલ્પાંત સર્જાયો હતો. બનાવને પગલે ૧૦૮, પોલીસ, એમ્બ્યુલન્સ સહિતનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. સ્થળ પર મૃત્યુ પામનાર ત્રણ વૃધ્ધાઓના મૃતદેહોના પંચનામા કરી ચોટીલા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. બાકીના ઘાયલોને રાજકોટ વધુ સારવાર માટે રીફર કરવા તજવીજ કરી હતી.

આ બનાવમાં વધુમાં જાણવા મળેલી વિગતો અનુસાર અકસ્માતમાં કાળનો કોળીયો બનેલા મંજુબેન ઘનશ્યામભાઇ રેથરીયાના પુત્રનું નાનપણમાં જ અવસાન થઇ ગયું હતું. તેનું પિતૃકાર્ય કરવાનું પરિવારજનોએ નક્કી કર્યુ હોઇ અને આ કાર્ય સોમનાથ ખાતે આજે મંગળવારે કરવાનું હોઇ રાતે રેથરીયા પરિવારના શીયાણી અને બાજુના દેવળીયા ગામે રહેતાં ૨૫ જેટલા કુટુંબીજનો પોતાની જ બોલેરો પીકઅપ ગાડીમાં બેસીને સોમનાથ જવા માટે રવાના થયા હતાં. રાતે સાડા દસેક વાગ્યે શીયાણીથી નીકળ્યા બાદ સાડા અગિયાર આસપાસ તેઓ ચોટીલાથી આગળ આપાગીગાના ઓટલા નજીક પહોંચ્યા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણના ઘટના સ્થળે અને એક વૃધ્ધાનુ.રાજકોટમાં મૃત્યુ થયું હતું. જ્યારે અકસ્માતમાં ઇજા પામનારા બીજા અઢાર સદસ્યોને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, જયેન્દ્રસિંહ જાડેજા, ભાવેશભાઇ મકવાણા, તોફિકભાઇ જુણાચ, ધર્મેન્દ્રભાઇ હુદડે ચોટીલા પોલીસને જાણ કરી હતી.

સિવિલ હોસ્પિટલ રાજકોટ ખસેડાયેલા ઇજાગ્રસ્તોમાં બોલેરો પીકઅપના ચાલક દશરથભાઇ ગોબરભાઇ રેથરીયા તથા સાથેના ભુપતભાઇ રેથરીયા, ગણપતભાઇ કાળુભાઇ રેથરીયા, ચીકાભાઇ, રમેશભાઇ ઘનશ્યામભાઇ રેથરીયા, રંજનબેન ખોડાભાઇ રેથરીયા, રાહુલભાઇ ખોડાભાઇ રેથરીયા, રમેશભાઇ ઘનશ્યામભાઇ રેથરીયા, રાહુલ ખોડાભાઇ રેથરીયા, વિશાલ રાજુભાઇ રેથરીયા, માવજીભાઇ કાળુભાઇ રેથરીયા, બટુકભાઇ ગંગારામભાઇ રેથરીયા, ઘનશ્યામભાઇ લક્ષમણભાઇ રેથરીયા, કરમશીભાઇ દેવાભાઇ રેથરીયા, માજુબેન કાળુભાઇ રેથરીયા, ગોબરભાઇ લક્ષમણભાઇ રેથરીયા અને ગીતાબેન દશરથભાઇ રેથરીયાનો સમાવેશ થાય છે. આ તમામને નાની મોટી ઇજાઓ પહોંચી હોઇ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ બનાવની વધુ માહિતી અનુસાર આ અકસ્માતમાં કાળનો કોળીયો બનેલા મગજીબેન રેથરીયાને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. તેમનો પુત્ર દશરથભાઇ વાહન હંકારી રહ્યો હતો.

જ્યારે ગલાલબેન રેથરીયાને સંતાનમાં ત્રણ પુત્ર છે, જે પૈકી એક પુત્ર અમદાવાદ પોલીસમાં ફરજ બજાવે છે. જ્યારે મંજુબેન રેથરીયાને સંતાનમાં એક પુત્ર અને ગૌરીબેન રેથરીયાને સંતાનમાં એક પુત્રી તથા બે પુત્ર છે. આ ચારેય સગા દેરાણી-જેઠાણી થતાં હતાં. ચારેયના પતિ અને અન્ય એ ભાઇ ખોડાભાઇ રેથરીયા મળી કુલ પાંચ ભાઇઓના કુટુંબમાં ચાર સગા ભાઇઓએ પોતાના પત્નિઓને એક સાથે ગુમાવી દેતાં પરિવારમાં કાળો કલ્પાંત સર્જાયો છે. ચોટીલા પોલીસે આ અકસ્માત અંગે જરૂરી કાર્યવાહી કરી હતી. એક જ કુટુંબના ચાર ચાર વૃધ્ધ સદસ્યો દેરાણી જેઠાણીની એક સાથે અંતિમયાત્રાને પગલે કરૂણ દ્રશ્યો સર્જાયા હતાં.